કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે • સળંગ અંક ૧૯૪ • સપ્ટેમ્બર ૨૦૨૩




પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧





અમદાવાદ સિંધુભવન હોલ માં રાત્રી પારાયણ પ્રસંગે સભામાં આશીર્વચન પાઠવતા પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



બાપુનગર એપ્રોચ મંદિરમા ઠાકોજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



દિલ્હી મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



અમદાવાદ મંદિરમાં ચાલતી દર પૂનમે સત્સંગ સભા અંતરગર્ત શ્રાવણી પૂનમની સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



સિધ્ધપુર મંદિરના પાટોત્સવ પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



નારણપુરા મંદિરમાં અધિકમાસ નિમિત્તે અન્નકૂટ આરતી




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર


વર્ષ - ૧૭ (મૂળ વર્ષ ૫૬) ● અંક : ૧૯૪ ● સપ્ટેમ્બર-૨૦૨૩


## અ નુ ક્ર મ ણિ કા


૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરમાં અધિક શ્રાવણ માસમાં ઉજવાયેલા ઉત્સવો ૦૬

૦૪. જડને ભક્ત કર્યો....! ૧૧

૦૫. અધિક માસમાં કથા શ્રવણ ૧૭

૦૬. મેઉ ૧૮

૦૭. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી ૧૯

૦૮. ભક્તિસુધા ૨૦

૦૯. સત્સંગ સમાચાર ૨૧

# અસ્મદીયમ્

આપણું મન બહુ ચંચળ છે એ સ્વતંત્ર પણ છે. જીવનમાં મન બહુ જ મોટો ભાગ ભજવે છે, સંતો અને શાસ્ત્રો મન મજબૂત કરવા ઉપર ભાર મૂકે છે.

મનના સંકલ્પોમાં સર્જન શક્તિ અને સંહારક શક્તિ પણ છે. આ અખૂટ શક્તિથી આપણે અજાણ છીએ. પહેલી જરૂર છે, આપણા મનને ઓળખવાની. તેને ઓળખીએ ત્યારે જ એનો સદુપયોગ કરી શકીશું.

રંગમહોલના ઘનશ્યામ મહારાજના દર્શન કરતી વખતે મન ઠેકાણે રહે છે ? એકાગ્ર દૃષ્ટિ રાખીને દર્શનમાં વૃત્તિ રહે છે ખરી ? કે લૌકિક દર્શન કરીએ છીએ ?

શ્રીજી મહારાજે ભગવાનના દર્શન શ્રવણ, ધ્યાન અને પૂજા આદિકમાં મન સહિત - એકાગ્ર મનથી કરવા આજ્ઞા કરેલી છે. મહારાજના દર્શન કરતી વખતે ત્યાં કોઈ મનુષ્ય કે બીજું કાંઈ આવે ત્યારે દર્શનમાંથી વૃત્તિ તોડીને તેના ભેળા દર્શન કરીએ તો એને લૌકિક દર્શન કહેવાય. માટે મહારાજના દર્શન કરતા કરતા આડી અવળી દૃષ્ટિ કે વાત કરવી નહિ. મનમાં અલૌકિક ભાવ રાખી દર્શન કરવા. અને દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં ઉતારતાં જવું. તો જ ભજન-સ્મરણ કરતી વખતે મન મહારાજમાં રહેશે.

શ્રીજી મહારાજને આપણા મનની ખબર હતી એટલે આપણને સારંગપુરના બીજા વચનામૃતમાં વિસ્તારથી દર્શનમાં વિવેક રાખવાની સમજ આપી છે.

એવું જ 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કરતી વખતે મનને અનન્ય વિષયમાં ભમતું રાખીએ તો, મારા ભાઈ, જાપ કરવાની મહેનત વ્યર્થ જશે. જાપ કરતી વખતે મહારાજનું આખું જીવન દૃષ્ટિ સમક્ષ રહે તો એ મંત્ર શક્તિ બને છે. જપ કરતી વખતે મન બીજા વિચારો કરતું હોય તો તે વિચારો જપ બની જાય છે અને ફળ પણ એવું જ મળે છે. માટે ભજન-સ્મરણ કે દર્શન મન પરોવીને કરીએ તો જ એનું ફળ મળે છે.

એટલે આ ચાતુર્માસમાં આપણે સૌ મન પરોવી મહારાજના ભજનમાં મસ્ત બનીએ એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.



તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ (ઓગસ્ટ-૨૦૨૩)



૩થી૯ શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો (અમેરિકા) રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર સિધ્ધપુર અધિક માસ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર સમૂહ મહાપૂજા પ્રસંગે પધરામણી

૨૭ શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે અમદાવાદ શહેરના તમામ વિસ્તારોથી આયોજીત પદયાત્રા નિમિત્તે શ્રી સ્વામિનારાયણ બાગ મેમનગરથી પદયાત્રા કરી.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓગસ્ટ-૨૦૨૩)

૨થી૬ શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો (અમેરિકા) રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૯થી૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર કલિવલેન્ડ (અમેરિકા) ૧૫ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૨થી૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરોન્ટો કેનેડા ૧૫ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુ દિલ્હી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૭ શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે અમદાવાદ શહેરના તમામ વિસ્તારોથી આયોજીત પદયાત્રા નિમિત્તે શ્રી સ્વામિનારાયણ બાગ મેમનગરથી પદયાત્રા કરી.

# શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરમાં અધિક શ્રાવણ માસમાં ઉજવાયેલા ઉત્સવો

**હરિ ભજતા સહુ મોટપ પામે,**
**જન્મ મરણ દુઃખ જાયે રે,**
**પારસ પરસી લોહ કંચન થઈ,**
**મોંઘે મૂલે વેચાય રે. હરિ.**
સ.ગુ. મુક્તાનંદ સ્વામી

અધિક માસ ભગવાનને શરણે ગયો તો મળ માસ મટીને 'પુરુષોત્તમ માસ'ની સંજ્ઞાને પામ્યો. અધિક મહત્તા મળી. સત્કર્મ કરનાર ભક્તજનોને પણ ભગવાનનો અધિક રાજીપો પ્રાપ્ત થાય છે. ભક્તજનોને અધિક પ્રાપ્તિ થાય એવા શુભ હેતુથી દરેક અધિક માસમાં આપણા અમદાવાદ મંદિરમાં આખા વર્ષના ઉત્સવો એક જ માસમાં ઉજવાતા આવ્યા છે એ પરંપરામાં આ વર્ષના પવિત્ર અધિક શ્રાવણ માસમાં શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભ આશીર્વાદથી અને સાનિધ્યમાં તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી, દરેક નાની મોટી સેવાના યજમાનશ્રીઓ તથા સંતો-ભક્તોના સાથ સહકારથી તા. ૧૮-૦૭-૨૦૨૩ થી ૧૬-૦૮-૨૦૨૩ પર્યંત ધામધૂમ અને ઉમંગ-ઉલ્લાસ સાથે દિવ્યતાથી વિવિધ ઉત્સવો ઉજવાયા. તિથિ અને તારીખનું લીસ્ટ જુલાઈ-૨૩ ના અંકમાં પ્રકાશિત થયેલું છે. માટે તેનું પુનરાવર્તન કર્યું નથી. દરેક ઉત્સવને અનુરૂપ મંદિરના ઓચ્છવ મંડળ દ્વારા નંદ સંતો રચિત પદોનું ગાન વાજિંત્રો સાથે કરીને શ્રી નરનારાયણદેવને રાજી કરવામાં આવ્યા હતા.

**(૧) ગ્વાલ બાલ દર્શન અને કુંજ ગલી દર્શન :** બન્ને ઉત્સવમાં રાધાકૃષ્ણ દેવની સમક્ષ આસોપાલવ, તુલસી, ફુલછોડ અને વૃક્ષવેલીથી આબેહૂબ વૃન્દાવનના દશ્યની રચના કરવામાં આવી હતી. કારતક સુદ-૮ ના દિવસે પ્રાતઃ કાળમાં પૂર્વે કનૈયાએ સૌ પ્રથમવાર પોતાના સખા બાળ ગોપો સાથે વૃન્દાવનમાં ગાયો ચારી હતી. જેની સ્મૃતિરૂપે મોરલી મનોહર બાલકૃષ્ણ તથા હળધારી દાઉ ભૈયા સાથે ગોપો અને ગાયો તથા વાછરડીઓનું અદ્ભુત દર્શન કરાવવામાં આવ્યું હતું. શ્રીકૃષ્ણ ભગવાનને ઉત્તમ ગોપવેશના વાઘા ધરાવવામાં આવ્યા હતા.

કુંજગલીમાં રાધાજી સહિત બાલકૃષ્ણનું સુંદર દર્શન કરાવવામાં આવ્યું હતું.

**(૨) રથયાત્રા :** શ્રી જગન્નાથપુરીમાં અતિ પ્રાચીન સમયથી ઉજવાતા આ ઉત્સવની પરંપરામાં શ્રી નરનારાયણદેવની સમક્ષ અશ્વ સહિત સુઅલંકૃત રથ ઉત્તરાભિમુખ સ્થાપન કરીને તેમાં ઠાકોરજીને પધરાવીને આરતી કરવામાં આવી હતી.

સુર નર મુનિ સબ આએ, દર્શહિત રથયાત્રાકું જાનિ રે,
વિવિધ ભાંતિ બાજંત્ર બજાવત, બોલત જય જય વાનિ રે.
(સ.ગુ. મુક્તાનંદ સ્વામી)

**(૩) શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ :** વિ.સં. ૧૮૭૮ માં ફાગણ સુદ-૩ ના દિવસે વિશ્વના સૌ પ્રથમ મંદિર કાલુપુરમાં શ્રીહરિએ ભરતખંડના અધિષ્ઠાતા ઉપાસ્ય દેવ સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવને બાથમાં લઈને મધ્ય સિંહાસનમાં પધરાવી સ્વહસ્તે પ્રતિષ્ઠા કરી હતી તે ઉત્સવની પરંપરામાં **પ.પૂ. લક્ષ્મીસ્વરૂપા મોટા ગાદીવાળાશ્રીના યજમાનપદે** પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે દેવોનો અભિષેક તથા અન્નકૂટ આરતી થઈ હતી.

જોઈને નરનારાયણ નાથ, હેતે મળ્યા ભરીને બાથ,
મધ્યના મંદિરમાં બેસારી, પોતે આરતી ઉતારી.

હજારો ભક્તજનોએ દર્શન કરી દિવ્ય સુખ લીધું હતું.

**(૪) પરશુરામ જયંતી :** અંતઃશત્રુ લોભને વશ થઈને સહસ્ત્રાર્જુન રાજા પરશુરામજીના પિતા જમદગ્નિ ઋષિની કામધેનું ગાય ચોરી લાવ્યા, સહસ્રાર્જુનના પુત્રોએ જમદગ્નિનું મસ્તક કાપ્યું, આવી રીતે મદોન્મત બનેલા દુષ્ટાત્મા એવા તે રાજા તથા તેના પાંચ હજાર પુત્રોને હણીને તેમજ હાથમાં ફરસીને ગ્રહણ કરીને શ્રી વિષ્ણુના અવતારભૂત એવા શ્રી પરશુરામે ૨૧ વખત પૃથ્વીને ક્ષત્રિય વિનાની કરી હતી. તે અવતારના પ્રાકટ્યની સ્મૃતિરૂપે શ્રી નારાયણ ભગવાનને શ્રી પરશુરામજીનું સ્વરૂપ ધારણ કરાવી દિવ્ય દર્શન કરાવવામાં આવ્યું હતું.

**(૫) ગણેશ પૂજન અને હનુમાનજીનું પૂજન :** ભાદરવા સુદ-૪ ના દિવસે સાક્ષાત્ ગોલોકાધિપતિ શ્રીકૃષ્ણ શંકરના પુત્ર રૂપે ગણપતિ નામથી પ્રગટ થયા હતા. તે સમયે

સમગ્ર દેવ ગણોએ મહોત્સવ કર્યો હતો. શ્રીહરિ પણ આ દિવસે ધામધૂમપૂર્વક ગણપતિનું પૂજન કરતા શંકર સુવન કેશરી નંદન રામદૂત હનુમાનજી ધર્મકુળના કુળદેવ છે. ભગવાનની સેવામાં મુખિયાજી છે. શ્રીહરિએ શિક્ષાપત્રીમાં ધર્મવંશી આચાર્યશ્રીને ભાદરવા સુદ-૪ ના દિવસે ગણપતિ પૂજન તથા આસોવદ-૧૪ ના દિવસે હનુમાનજીના પૂજનની આજ્ઞા કરી છે જે પરંપરામાં બન્ને દેવોનું અન્નકૂટ, આરતી આદિકથી ધર્મકુળના વરદ્ હસ્તે પૂજન થયું હતું.

**(૬) વસંત પંચમી, હવેલી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ**

ચાલો સખી હુ વસંત વધાવા, ધર્મવંશીને દ્વાર,
જોતા વદન શ્રી ધર્મકુંવરનું મટે અંગ મદન વિકાર... ચાલો.
સ.ગુ. પ્રેમાનંદ સ્વામી

ભગવાન શ્રી કૃષ્ણએ પ્રભાત સમયે રૈવતાચલ (ગિરનાર) પર્વત પર કરેલ વસંતોત્સવ અને શ્રીહરિએ અનેક ધામમાં ઉજવેલ વસંતોત્સવની સ્મૃતિ ઠાકોરજીને વસંતને અનુરૂપ સફેદ વાઘા ધરાવી કુંજ ભર્યો હતો અને વસંતનું પૂજન કર્યું હતું.

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીના વરદ્ હસ્તે હવેલીમાં ઘનશ્યામ મહારાજનો અભિષેક તથા અન્નકૂટ આરતી આદિકથી પૂજન થયું હતું.

**(૭) શાકોત્સવ, રાધાષ્ટમી** : ૧૨ મણ ઘી અને ૬૦ મણ રીંગણનો લોયામાં શ્રીહરિએ કરેલ શાકોત્સવની સ્મૃતિરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ સમક્ષ ઉત્સવની પ્રતિકૃતિથી સુંદર દર્શન કરાવવામાં આવ્યું હતું.

શ્રીકૃષ્ણની ઐશ્વર્યા શક્તિ સાક્ષાત્ રાધિકાજીના પ્રાદુર્ભાવની સ્મૃતિ રૂપે રાધિકાજીનું બહુ મૂલ્ય નવીન વસ્ત્રાલંકારોથી પૂજન થયું હતું.

**(૮) રામ નવમી, શ્રીહરિ જયંતી, બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ** : મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ અને સર્વાવતારી સર્વોપરી શ્રીહરિના પ્રાગટ્યની આરતી ઉત્સવ થયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ અક્ષરભુવનમાં પધરાવેલ પ્રત્યક્ષ સાક્ષાત્ છપૈયાધીશ બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનું પૂજન ઉત્સવના યજમાન હરિૐ પરિવાર દ્વારા થયું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અભિષેક તથા અન્નકૂટ આરતી થયા હતા.

**(૯) વિજ્યા દશમી** : શ્રી રામચન્દ્ર ભગવાને રાવણ ઉપર વિજય પ્રાપ્ત કરવા કરેલા પ્રયાણની સ્મૃતિમાં ઠાકોરજીને રાજાધિરાજની માફક મૂલ્યવાન નવીન વાઘા વસ્ત્રો તથા આયુધ ધરાવી વાજિંત્રોના ઉદ્દઘોષ સાથે ઓચ્છવ મંડળ દ્વારા ભગવાનના દિગ્વિજયના પદોનું ભક્તિભાવ સાથે ગાન કરવામાં આવ્યું હતું.

**(૧૦) હિંડોળા** : રંગભીના રે શામળીયા આવો ઝુલીયે રે... રંગ, બાંધુ ફુલ હિંડોળા પ્યારા, પહેરાવું પટભૂષણ સારા, નંદકુંવર તમને નિરખીને ફુલીયે રે... રંગ -સ.ગુ. પ્રેમાનંદ સ્વામી.

પ્રેમાનંદ સ્વામી કૃત આ પદ મુજબ સતત બે મહિના સુધી ફુલ આદિકના અવનવા કલાત્મક હિંડોળામાં ઝૂલતા શ્રી નરનારાયણદેવને નિરખીને ભક્તજનો અતિ આનંદ પામ્યા હતા. હિંડોળાનું સર્જન એ ખૂબ શ્રધ્ધા અને ભક્તિભાવ માગી લે છે. કાલુપુર મંદિરમાં હિંડોળાનું દર્શન કરવાથી અનુભૂતિ થાય છે કે આ ઉત્સવ લોકોને રાજી કરવા માટે નહિ, પરંતુ ભગવાનને રાજી કરવા માટે થાય છે. પ્રદર્શન માટે ઠાકોરજીની આર્ટીફિસીયલ મૂર્તિઓ લાવીને ભગવાનને ચગડોળમાં ફેરવવામાં આવતા નથી. પરંપરાગત ઉત્સવના ચલ સ્વરૂપોની મૂર્તિઓને હિંડોળામાં ઝુલાવવામાં આવે છે.

**(૧૧) રંગમહોલ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ, વામન દ્વાદશી** : વિ.સં. ૧૯૪૨ માં કારતક સુદ-૧૨ ના દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીએ શ્રીહરિના નિવાસ સ્થાન રંગમહોલમાં સાક્ષાત્ અક્ષરધામાધિપતિ શ્રી ઘનશ્યામમહારાજની કાષ્ઠની મૂર્તિ પધરાવી તેની સ્મૃતિરૂપે પ.પૂ. મહારાજશ્રીના હસ્તે અભિષેક તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના હસ્તે અન્નકૂટ આરતી દર્શનનો દિવ્ય લાભ પ્રાપ્ત થયો હતો. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીની આજ્ઞાથી સવારના ૯-૦૦ થી ૧૧-૩૦ પર્યંત બહેનોને પણ અન્નકૂટ દર્શનનો લાભ પ્રાપ્ત થયો હતો.

શ્રી નરનારાયણ ભગવાનને વામન સ્વરૂપ ધારણ કરાવી તેમજ ત્યાર પછીના બીજા દિવસે **નૃસિંહ જયંતી**ની સ્મૃતિમાં નૃસિંહ સ્વરૂપ ધારણ કરાવી તે તે અવતારના દર્શનનો લાભ સૌને પ્રાપ્ત થયો હતો.

**(૧૨) શરદોત્સવ :**

તિથિ પૂનમ તે પૂન્ય રૂપ છે રે, જેમાં રાસ રમ્યા વ્રજરાજ,
આજ દરશનનું ફળ બહુ ઘણું રે,
જેમાં દેવ આવે બહુ દરશને રે,
સંગ લૈને પોતાનો સમાજ.... આજ.
- પૂર્ણાનંદ સ્વામી

સવારે બે કલાક સંતો ના વક્તાપદે પૂનમની સભા થઈ હતી. સભામાં પ.પૂ. મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વચન કહ્યા હતા. રાત્રે ઠાકર થાળી તથા રાસોત્સવ

સાથે પ.ભ. જયેશભાઈ સોની આદિક કલાકાર ભક્તોએ સુમધુર સંગીત સાથે શરદોત્સવના કીર્તનો ગવડાવ્યા હતા.

**(૧૩) કેશર સ્નાન :** જયેષ્ઠા નક્ષત્રમાં આ વેદોક્ત ઉત્સવની સ્મૃતિમાં વહેલી સવારે પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે દેવોને કેશર જળથી સ્નાનરૂપે અભિષેક કરવામાં આવ્યો હતો.

**(૧૪) જન્માષ્ટમી, નંદ મહોત્સવ :**

નંદ ઘેર આનંદ ભયો, જય કન્હૈયા લાલકી,
હાથી દીયે ઘોડા દીયે, ઔર દીની પાલકી,
જસોદા કે લાલ આયે, છોટે ગોપાલ આયે,
હમારે પ્રતિપાલ આયે, ગોકુલ કે ગ્વાલ આયે... નંદ.

હિન્દુ સંસ્કૃતિની આ પરંપરાની સ્મૃતિરૂપ ઠાકોરજીને પારણામાં ઝુલાવી પંજરી તથા માખણ ધરાવી રાત્રે ૧૨ કલાકે શ્રીકૃષ્ણ પ્રાકટ્ય ની આરતી તથા ત્યાર પછી નંદ મહોત્સવ ઉજવ્યો હતો.

**(૧૫) છપૈયા દર્શન, વન વિચરણ, હિમાલય દર્શન :** શ્રીહરિનું જન્મ સ્થાન, જન્મભૂમિ છપૈયા, શ્રીહરિનું વનવિચરણ તથા હિમાલયની પ્રતિકૃતિની આબેહૂબ રચના કરીને સૌને પ્રત્યક્ષ દર્શનની અનુભૂતિ કરાવી હતી. વનમાં વૃક્ષ વેલી, ફુલછોડ, વિવિધ પક્ષીઓ, સિંહ, વાઘ, હરણ, વાનર આદિક વન્ય પ્રાણીઓની વચ્ચે વિચરણ કરતા શ્રી નીલકંઠવર્ણી તેમજ શ્વેત બરફાચ્છાદિત હિમાલયમાં બદ્રિકાશ્રમમાં તપ કરતા શ્રી નરનારાયણદેવ, તપોભૂમિ કૈલાસ શિખર પર ધ્યાનસ્થ મુદ્રામાં શિવજી આદિકનું દર્શન કરી સૌને આનંદ થયો હતો.

**૧૨ કલાકની ધૂન :** અધિક શ્રાવણ માસની એકાદશી અને શ્રીહરિનું સર્વોપરી નામ **જે સ્વામિનારાયણ નામ લેશે, તેના પાતક બધા બળી જશે...** સવારના ૬ થી સાંજના ૬ સુધી ધૂન તથા ત્યાર પછી ૧ કલાકની સભા થઈ હતી. શુભારંભની આરતી પછી પૂ. મહંત સ્વામીએ ધૂન બોલાવીને શુભારંભ કરાવ્યો હતો. સંતો-ભક્તોએ સભા મંડપમાં તથા બહેનોએ પ્રાંગણમાં અને હવેલીમાં રાસોત્સવ તથા સંગીત સાથે ધૂનની રમઝટ બોલાવી હતી. ફરાળની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

**(૧૬) સમૂહ મહાપૂજા :** ચાતુર્માસના વિશેષ નિયમમાં શ્રીહરિએ પોતાના આશ્રિતો માટે કરેલ આજ્ઞામાં એક નિયમ એટલે પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી. એ આજ્ઞાનું પાલન થાય, શ્રીહરિ રાજી થાય અને ભક્તજનોના શુભ મનોરથો પૂર્ણ થાય તેવા શુભ હેતુથી પવિત્ર શુભ સ્થાન શ્રી નરનારાયણદેવના પ્રાંગણમાં સમૂહ મહાપૂજા થઈ હતી. મહાપૂજાનો શુભારંભ પ.પૂ. મહારાજશ્રીએ આરતી કરીને કરાવ્યો હતો અને આશીર્વચનથી પૂ. મહંત સ્વામીએ પૂર્ણાહુતિ કરાવી હતી.

**(૧૭) શિવરાત્રી શિવ પૂજન :** શિક્ષાપત્રી શ્લોક નં. ૪૭ માં શ્રીહરિએ નારાયણ અને શિવજીનું એકાત્મપણું દર્શાવ્યું છે એ ન્યાયે શ્રીહરિની આજ્ઞાનુસાર આપણે શિવરાત્રીનું વ્રત, પૂજન, ઉત્સવ કરતા હોઈએ છીએ એજ પરંપરાથી નરનારાયણદેવની જમણી બાજુ નિજ મંદિરમાં બિરાજમાન શિવજીનું અભિષેક તથા બિલ્વપત્રાદિકથી પૂજન કરવામાં આવ્યું હતું.

**(૧૮) અન્નકૂટ ગોવર્ધન પૂજા :** ઈન્દ્રનું માન મર્દન કરી પોતાના ચરણ સ્પર્શ પામેલો પ્રસાદીના ગોવર્ધન પર્વતનો આદર ઈન્દ્ર કરતા પણ અધિક કરાવવા ઈન્દ્ર પૂજા બંધ કરાવી શ્રી ગિરિરાજની પૂજા શ્રીકૃષ્ણ ભગવાને કરાવી હોવાથી તેની સ્મૃતિરૂપે ગોવર્ધન પૂજા કરવામાં આવી હતી. શ્રી નરનારાયણાદિક દેવોને છપ્પનભોગ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

હજારો ભક્તજનો આખા મહિનાના ઉત્સવોનું દર્શન કરી ધન્યભાગી થયા હતા. કોઠારના સંતો-ભક્તોએ ખૂબ સુંદર વ્યવસ્થા કરી હતી. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**અધિક શ્રાવણ માસના યજમાનો**

શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ.મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળના રાજીપા અને આશીર્વાદથી તથા અમદાવાદ કાલુપુર મંદિરના વ્યવહારકુશળ પૂજ્ય મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી તેમજ તેમના મંડળના સંતો, પૂ. જે.પી. સ્વામી, પૂજ્ય શા. સ્વા. રામ સ્વામી, પૂ. શા. કોઠારી મુનિ સ્વામી, પૂ. કોઠારી બાલુ સ્વામી, પૂ. ભંડારી સ્વામી ધર્મસ્વરૂપદાસજીના સુંદર આયોજનથી આખો અધિક શ્રાવણ માસ (જેના આખા માસમા ઉત્સવોના યજમાન) અને બીજા શ્રાવણ માસમાં હિંડોળાનીના યજમાન શ્રીહરિના લાડીલા જે હરિભક્તો બન્યા હતા તેની શુભ નામાવલિ.

આ બન્ને માસમાં ઉત્સવો અને હિંડોળાની અદ્ભુત સેવા કરનાર પ.ભ. પ્રફુલભાઈ ખરસાણી, પ.ભ. દરબાર રણજીતસિંહ, પ.ભ. પંકજભાઈ પંચાલ, આર. સી. ટેકનિકલ મંદિર, પ.ભ. ઘનશ્યામભાઈ - સિનિયર સીટીઝન, મોટેરા મહિલા મંડળ, ઘાટલોડિયા શ્રી

નરનારાયણદેવ યુવક મંડળ, ગાંધીનગર (સે-૨) સત્સંગ સમાજ, નારાયણઘાટ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, જીવરાજપાર્ક શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, બાપુનગર મહિલા મંડળ, હિરાવાડી મહિલા મંડળ, હાર્દિક રાજપુરોહિત, વાસુદેવભાઈ સોની, મયુર વાટુકીયા, ભાઈલભાઈ વાટુકીયા, વિહાંગી જીગ્નેશભાઈ ભાવસાર, મુંબઈના પ.ભ. ભાવસારભાઈ સુંદર હિંડોળા બનાવીને લાવેલા. આદિ હરિભક્તોએ રાત દિવસ સેવા કરી હતી. જેમને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. (કોઠારી પૂ. મુનિ સ્વામી)

અધિક શ્રાવણ સુદ-૧ તા. ૧૮-૦૭-૨૦૨૩ મંગળવાર - **ગ્વાલબાલ દર્શન** : પ.ભ. મધુબેન મહેન્દ્રભાઈ પટેલ અને પ.ભ. સુજલબેન અલ્પેશભાઈ પટેલ (કાળીગામ) - હ. પ.ભ. મહેન્દ્રભાઈ (બકાભાઈ) (સાબરમતી). અધિક શ્રાવણ સુદ-૨ તા. ૧૯-૦૭-૨૦૨૩ બુધવાર - **રથયાત્રા** : પ.ભ. નટવરભાઈ મફતભાઈ પટેલ (સાબરમતી). અધિક શ્રાવણ સુદ-૩ તા. ૨૦-૦૭-૨૦૨૩ ગુરુવાર - **શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ** : મુખ્ય યજમાનશ્રી : પ.પૂ. લક્ષ્મીસ્વરૂપા મોટા ગાદીવાળાશ્રી - હ. હજૂરી પાર્ષદ વનરાજ ભગત - સહ. યજમાનશ્રી : (૧) અ.નિ. ઈન્દ્રવદન મણીલાલ શાહ પરિવાર - હ. પ.ભ. દિવ્યકાન્તભાઈ શાહ (આંતરસુબા) (૨) પ.ભ. ડૉ. મનોજભાઈ બ્રહ્મભટ્ટ (અમદાવાદ) (૩) પ.ભ. રાજેશભાઈ મથુરદાસ ઠક્કર (અમદાવાદ). અધિક શ્રાવણ સુદ-૩ - તા. ૨૧-૦૭-૨૦૨૩ શુક્રવાર - **પરશુરામ જયંતી** : અ.નિ. શાંતાબેન વાલજીભાઈ પટેલ - કોઠારી પરિવાર (ગવાડાવાળા) - હ. પ.ભ. રમેશભાઈ પટેલ. અધિક શ્રાવણ સુદ-૪ - તા. ૨૨-૦૭-૨૦૨૩ શનિવાર - **ગણેશ પૂજન** : પ.ભ. જશવંતલાલ કાંતિલાલ મોદી (સાયન્સસીટી) - હ. આરવ શ્રેયશભાઈ મોદી. અધિક શ્રાવણ સુદ-૫ - તા. ૨૩-૦૭-૨૦૨૩ રવિવાર - **વસંત પંચમી- હવેલી શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ** : અભિષેકના યજમાનશ્રી : અ.નિ. શારદાબા શેલત - હ. અ.સૌ. અસ્મિતાબેન કિલોલ્લભાઈ શેલત (એડવોકેટ). અભિષેકના સહયજમાનશ્રી : (૧) બ્રીન્દાબેન નૈતિકભાઈ પટેલ (સોલા) (૨) પ.ભ. પ્રવિણભાઈ નટવરભાઈ પટેલ અને રમીલાબેન પી. પટેલ (ન્યુ રાણીપ). અધિક શ્રાવણ સુદ-૬ તા. ૨૪-૦૭-૨૦૨૩ સોમવાર - **કુંજગલી દર્શન** : પ.ભ. શૈલેષભાઈ ગોવિંદભાઈ પટેલ (મોખાસણવાળા - અમદાવાદ). અધિક શ્રાવણ સુદ-૭ તા. ૨૫-૦૭-૨૦૨૩ મંગળવાર - **શાકોત્સવ** : પ.ભ. અ.નિ. કાંતિલાલ જોઈતારામ પટેલ - હ. દિનેશભાઈ (નારણપુરા - વિહારવાળા). અધિક શ્રાવણ સુદ-૮ તા. ૨૬-૦૭-૨૦૨૩ બુધવાર - **રાધાષ્ટમી** : પ.ભ. ચંદ્રિકાબેન બાબુભાઈ ડૉક્ટર (અમેરિકા). અધિક શ્રાવણ સુદ-૯ તા. ૨૭-૦૭-૨૦૨૩ ગુરુવાર - **રામનવમી, શ્રીહરિ જયંતી, બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ** : હરિૐ પરિવાર (સરસપુર). અધિક શ્રાવણ સુદ-૧૦ તા. ૨૮-૦૭-૨૦૨૩ શુક્રવાર - **વિજયા દશમી** : પ.ભ. મનીષભાઈ જીતુભાઈ ચોક્સી તથા દેવભાઈ. અધિક શ્રાવણ સુદ-૧૧ તા. ૨૯-૦૭-૨૦૨૩ શનિવાર - **હિંડોળા** : પ.ભ. કનુભાઈ પ્રહલાદભાઈ પટેલ (કલ્યાણપુરાવાળા - શાહીબાગ). અધિક શ્રાવણ સુદ-૧૨ તા. ૩૦-૦૭-૨૦૨૩ રવિવાર - **રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ - વામન બારસ** : હરિૐ પરિવાર (સરસપુર). અધિક શ્રાવણ સુદ-૧૪ તા. ૩૧-૦૭-૨૦૨૩ સોમવાર - **નૃસિંહ જયંતી** : પ.ભ. શાલિન અરવિંદભાઈ દોંગા (બાપુનગર). અધિક શ્રાવણ સુદ-૧૫ તા. ૦૧-૦૮-૨૦૨૩ મંગળવાર - **શરદોત્સવ** : પ.ભ.અ.સૌ. ચારૂમતીબેન ગીરીશભાઈ પટેલ (ડીંગુચાવાળા) - હ. નિખિલભાઈ, હરિભાઈ અને હેલી (અમેરિકા-ટેનેસી).

અધિક શ્રાવણ વદ-૧ તા. ૦૨-૦૮-૨૦૨૩ બુધવાર - **કેસર સ્નાન** : મુખ્ય યજમાન : હરિૐ પરિવાર. સહ યજમાન : પ.ભ. રાજેશભાઈ મથુરભાઈ ઠક્કર. અધિક શ્રાવણ વદ-૨ તા. ૦૩-૦૮-૨૦૨૩ ગુરુવાર - **હિંડોળા** : અ.નિ. પ.ભ. ચિમનભાઈ બેચરભાઈ પટેલ (મુક્તિધામ-સાબરમતી) - હ. સંજયભાઈ અને રાજુભાઈ. અધિક શ્રાવણ વદ-૩ તા. ૦૪-૦૮-૨૦૨૩ શુક્રવાર - **હિંડોળા** : પ.ભ. પરષોત્તમભાઈ કેશવભાઈ ધોરાજીયા. અધિક શ્રાવણ વદ-૪ તા. ૦૫-૦૮-૨૦૨૩ શનિવાર - **હિંડોળા** : પ.ભ. ડાહ્યાભાઈ ફતાભાઈ પટેલ (ગવાડા) - હ. જીતુભાઈ. અધિક શ્રાવણ વદ-૫/૬ તા. ૦૬-૦૮-૨૦૨૩ રવિવાર - **હિંડોળા** : પ.ભ. રમેશભાઈ નટવરભાઈ પટેલ (પોરવાળા) (રાયસણ-ગાંધીનગર). અધિક શ્રાવણ વદ-૭ તા. ૦૭-૦૮-૨૦૨૩ સોમવાર - **હિંડોળા** : પ.ભ. દક્ષાબેન સંજયભાઈ સોની - હ. નેહલ, ક્રિષ્ણા અને અર્જુન. અધિક શ્રાવણ વદ-૮ તા. ૦૮-૦૮-૨૦૨૩ મંગળવાર - **જન્માષ્ટમી** : મહાલક્ષ્મી હાર્ડવેર (ગવાડાવાળા) - હ. પ.ભ. ચિરાગભાઈ. અધિક શ્રાવણ વદ-૯ તા. ૦૯-૦૮-૨૦૨૩ બુધવાર - **નંદ મહોસવ** : (૧) પ.ભ. દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી) (જમીયતપુરાવાળા) (૨) અ.નિ. કમલેશભાઈ નારાયણદાસ પટેલ - હ. ગૌરાંગભાઈ કે. પટેલ (કાંકરિયા). અધિક શ્રાવણ વદ-૧૦ તા. ૧૦-૦૮-

૨૦૨૩ ગુરુવાર - **છપૈયા દર્શન :** (૧) પ.ભ. નારણભાઈ બેચરભાઈ પટેલ (ગવાડા) (૨) પ.ભ. અ.નિ. મણીલાલ લક્ષ્મીચંદ ભાલજા સાહેબ - હ. પ્રબોધભાઈ ઝાલા. અધિક શ્રાવણ વદ-૧૧ તા. ૧૧-૦૮-૨૦૨૩ શુક્રવાર - વનવિચરણ : પ.ભ. નાગજીભાઈ નાનજીભાઈ શીંગાળા. અધિક શ્રાવણ વદ-૧૧ (એકાદશી) તા. ૧૨-૦૮-૨૦૨૩ શુક્રવાર - **હિમાલય દર્શન :** પ.ભ. હિરાબેન પરસોતમભાઈ પટેલ (ભાવપુરાવાળા) - હ. સંગીતાબેન, રશ્મિબેન, કૃપા, ગાયત્રી, કાવ્યા, જીયા (અમદાવાદ). અધિક શ્રાવણ વદ-૧૨ તા. ૧૩-૦૮-૨૦૨૩ રવિવાર : **સમૂહ મહાપૂજા :** (૧) પ.ભ. નયનાબેન સુમનભાઈ પટેલ (પોરવાળા-સાબરમતી) (૨) પ.ભ. ઘનશ્યામભાઈ ગણેશભાઈ પટેલ (વિહાર). અધિક શ્રાવણ વદ-૧૩ તા. ૧૪-૦૮-૨૦૨૩ સોમવાર - **શિવરાત્રી શિવ પૂજન :** પ.ભ. અ.નિ. ચતુરભાઈ ભગાભાઈ પટેલ (ઝુંડાલવાળા-સાબરમતી) - હ. વિરાટ રમણભાઈ પટેલ. અધિક શ્રાવણ વદ-૧૪ તા. ૧૫-૦૮-૨૦૨૩ મંગળવાર - **શ્રી હનુમાનજીનું પૂજન :** પ.ભ. રમણભાઈ ચતુરભાઈ પટેલ (ઝુંડાલવાળા-સાબરમતી) - હ. ઑમ અને નમઃ, પ.ભ. કાંતિભાઈ ગોવિંદભાઈ પરમાર - હ. રિધ્ધિ, પ્રશાંતભાઈ પરમાર (જન્મ દિન નિમિત્તે) અધિક શ્રાવણ વદ-૩૦ તા. ૧૬-૦૮-૨૦૨૩ બુધવાર - **અન્નકૂટ ગોવર્ધન પૂજા :** હરિૐ પરિવાર (સરસપુર).

### હિંડોળા માહાત્મ્ય

સ્વામિનારાયણ સંપ્રદાયમાં હિંડોળાનું વિશેષ મહત્વ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનની જન્મભૂમિ છપૈયા ધામમાં પણ એક મહિના સુધી આ હિંડોળા ઉત્સવ ચાલે છે. એકવાર છપૈયા ધામમાં હિંડોળા ઉત્સવના દિવસો આવ્યા ત્યારે ઘનશ્યામ મહારાજ પોતાના બાળમિત્રો વેણી માધવ પ્રયાગ સાથે પોતાના ઘરના આંગણામાં જ્યાં આમલીનું ઝાડ હતું ત્યાં હિંડોળો બાંધી અને બાળમિત્રો સાથે હિંડોળે હિચકતા હતા ઘનશ્યામ મહારાજને તેમના બાળ મિત્રો હિંચકા નાખીને ઝુલાવતા હતા અને ત્યારે સુવાસીની ભાભી અને ભક્તિમાતા ઘરની બહાર આવ્યા ત્યારે જોયું તો ઘનશ્યામ મહારાજ હિંડોળે ઝૂલતા હતા એ કોઈ સામાન્ય હિંડોળો ન હતો ભૂમાનંદ સ્વામીએ તેમનું ખૂબ સરસ વર્ણન કર્યું છે. પ્રભુએ ઈચ્છા કરી તે વાર, હિંડોળો થયો છે દિવ્યાકાર, હેમનો હિંડોળો છે જડિત, અતિ રમણીય જાણે તડીત, રાતા પીળા છે કાચ સહિત ,અલૌકિક શોભે રૂડી રીત. જે હિંડોળો હતો એ આખો સોનાનો હતો અને એ સોનાના હિંડોળામાં સરસ મજાના વિવિધ પ્રકારના લાલ પીળા રાતા એવા નંગ જડેલા હતા. એ હિંડોળો પુષ્પોથી સોળે શણગારથી સજાવેલો હતો એવા હિંડોળે ઘનશ્યામ મહારાજ ઝૂલતા હતા. તે જ્યારે ભક્તિ માતા અને સુવાસીની ભાભી એ જોયું તો તે આશ્ચર્ય પામી ગયા અને પછી ઘનશ્યામ મહારાજની ઈચ્છાથી ઘનશ્યામ મહારાજને ઝુલાવવા માટે રાધિકાજી અને લક્ષ્મીજી આવ્યા સાથે હજારો ગોપીઓ પણ આવ્યા છે. હિંડોળો દિસે દેદિપ્યમાન, નથી ઉપમા એહ સમાન ચારે તરફ હજારો ગોપી, વિટાણી થકી રહી છે ઓપી, રાધિકા લક્ષ્મીજી બેઉ આવ્યા, નીજ સખીઓ સંગાથે લાવ્યા. આવી રીતે છપૈયા ધામમાં બહુ મોટો ઉત્સવ થયો. રાધિકાજી, લક્ષ્મીજી તેમના સખીઓ હજારો ગોપીઓ ઘનશ્યામ મહારાજને હિંડોળે ઝુલાવી અને ખૂબ આનંદ માણે છે અને આવી રીતે ઘનશ્યામ મહારાજ ત્યાં છપૈયા ધામમાં હિંડોળે આંબલીની ડાળે હિંડોળે ઝૂલી આવું ઐશ્વર્ય દેખાડયું હતું. ધર્મદેવ ભક્તિમાતા રામપ્રતાપભાઈ અને છપૈયાના નરનારીઓ ભગવાનનું આવું ચરિત્ર જોઈ ખૂબ આનંદ પામ્યા છે. તો આવી રીતે ઘનશ્યામ મહારાજે આ છપૈયામાં પણ ખૂબ હિંડોળે હીંચકયા છે અને ત્યારથી ભગવાનને હિંડોળે ઝુલાવવાનો ખૂબ જ મહિમા છે. છપૈયા ધામના મહંત સદગુરુ દેવપ્રસાદદાસજી સ્વામીના માર્ગદર્શન પ્રમાણે તેમની પ્રેરણાથી હરિભક્તો વિવિધ પ્રકારના અલગ અલગ ડિઝાઈન વાળા સૂકામેવાના, ચોકલેટના, ફુલના, ફળના હિંડોળા બનાવી અને ભગવાનને ઝુલાવવાનો આનંદ માણે છે. છપૈયા ધામમાં આ એક મહિનો ચાલતા હિંડોળા ઉત્સવમાં ગુજરાતથી તો હરિભક્તો આવે જ છે. પરંતુ છપૈયાની આજુબાજુના ગામોમાં રહેતા શહેરોમાં રહેતા એવા યુ.પી.ના હિન્દી લોકો પણ આ હિંડોળા ઉત્સવમાં ભગવાનને ઝુલાવવા માટે મંદિરે આવે છે. ઠેઠ ગોરખપુર થી ગોંડાથી તથા ભગવાન રામની નગરી એવા અયોધ્યાથી પણ દૂર દૂરથી લોકો આ છપૈયા મંદિરમાં દર્શન કરવા માટે આવે છે. (પૂજારી હરિદર્શનદાસજી - છપૈયા)

### કેલેન્ડર પ્રકાશિત કરતા દરેક મંદિરોના મહંતશ્રી અને કોઠારીશ્રીને સૂચન

પ.પૂ. લાલજી મહારાજશ્રીના ખાસ સૂચનથી આપણા નાના-મોટા દરેક મંદિરો દ્વારા દર વર્ષે કેલેન્ડર પ્રકાશિત કરવામાં આવે છે જે તમામ શિખરબધ્ધ મંદિરોના મહંતશ્રી અને હરિ મંદિરના કોઠારીશ્રીએ આ વરસથી આપને નવા વર્ષના કેલેન્ડર આપણા કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા નક્કી થયેલ કેલેન્ડર જ છાપવાના રહેશે. કોઈએ અલગ પોતાની રીતે છાપવા નહી. તેની ખાસ નોંધ લેવી. આ અંગે આપશ્રી કાલુપુર મંદિર કોઠાર ઓફિસમાં સંપર્ક કરશો.

### અમદાવાદ કાલુપુર મંદિરમાં સેવા (માનદ્) કરવાની અમૂલ્ય તક

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદમાં વિવિધ જગ્યામાં જે કોઈ નિવૃત શિક્ષિત માનદ્ સેવા કરવાની ઈચ્છા ધરાવતા હોય તેમને થાળ-ભેટ આદિ જગ્યા પર અને જેઓએ વધુ શિક્ષણ ન લીધું હોય તેમને પૂજારીની સેવા, પીરસવાની સેવા, આદિ સેવા કરવા માટે જેમને ઈચ્છા હોય તેમણે કોઠાર ઓફિસમાં શ્રી સુરેશભાઈ પટેલ મો. : ૯૧૭૩૦૮૯૦૩૦ બાયોડેટા સાથે સંપર્ક કરવો. (ઉંમર વર્ષ ૬૦ની અંદર)

# જડને ભટ્ટ કર્યો



સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

ઈડર પાસે બરોળી ગામમાં એક ગરીબ બ્રાહ્મણ રહે. તેને જન્મથી મૂંગો એક જ છોકરો હતો. બાળ અવસ્થામાં ત્રીજા માળની બારીએથી નીચે પટકાયો, બંને પગ ભાંગી ગયા. એક ડગલું પણ ચાલવા સમર્થ નહોતો. પંદર વર્ષનો થયો ત્યાં સુધી ઘરના એક ખૂણામાં પડી રહેતો. પિતાના મૃત્યુ સુધી એમણે ભિક્ષાવૃત્તિ કરી પુત્રનું ભરણ પોષણ કર્યું.

ત્યારબાદ છોકરાને ખાવા પીવા અને દેહક્રિયાનું અતિ દુઃખ સહન કરવાનો વારો આવ્યો. બે વર્ષ સુધી અડોશી પડોશીને દયા આવતા ટાઢું શીળુ ખાવાનું અને પાણી આપી જતા. આમ છોકરો ઘણું દુઃખ વેઠી રહ્યો હતો.

એક દિવસ ગામના ત્રણ ચાર બ્રાહ્મણોને સંકલ્પ થયો. ''આ છોકરાને આપણે બાજુના ટોરડા ગામના મહા દયાળુ પ્રતાપી ખુશાલ ભટ્ટ પાસે લઈ જઈએ તો ?''

ગાડામાં નાંખી છોકરાને ટોરડા ખુશાલ ભટ્ટ પાસે લાવ્યા. બ્રાહ્મણોએ છોકરાની વ્યથા ખુશાલ ભટ્ટને કહી.

ખુશાલ ભટ્ટે કહ્યું, ''છોકરા, આવ, મારા હાથ ઝાલી ઉભો થા !''

છોકરો ઉભો થયો. તેના બે હાથ પકડી સામે પીપળો અને તુલસી ક્યારો હતા તેની ધીમે ધીમે પ્રદિક્ષણા કરાવી. ત્રણ-ચાર પ્રદક્ષિણા પછી તેના હાથ છોડી દીધા. પછી તો છોકરાએ પોતાની મેળે હસતાં હસતાં ઝડપથી બસો ત્રણસો પ્રદક્ષિણા કરી. આ જોઈને ગામ લોકો અતિ વિસ્મય પામ્યા.

પછીતો ખુશાલ ભટ્ટે છોકરાને પાસે બેસાડી કહ્યું, ''બેટા ! તું બોલ જોઈએ.''

''અ....ઉ, વ.....ઉ.''

તો સાથે આવેલા બ્રાહ્મણો બોલ્યા, મહારાજ ! એ તો જન્મથી જ મૂંગો છે.

''બેટા, તું ધીમે ધીમે બોલ. તું કેવો બ્રાહ્મણ છે ?'' ખુશાલ ભટ્ટે પૂછ્યું.

''હું ઉ...ડીચ ઈંટો લખીયો.''

''તારું ગોત્ર ક્યું છે ?''

''માલે ગો...ત..તલ નથી. ઉં....ટો ધલ... માં રઉ છું.'' છોકરાએ કહ્યું.

''તારો વેદ ક્યો છે ?''

ઊં.... ભેદ નઈ જાનતો.''

''તારી શાખા કઈ ?'' તો છોકરો કહે,

''માલા તો બઉ એ છાકાઠ્યા છે.''

ત્યારે ખુશાલ ભટ્ટે કહ્યું, ''આ છોકરો તો જડ જેવો મૂઢ છે.'' સાથે આવેલ બ્રાહ્મણો બોલ્યા,

''મહારાજ ! એ જડને તો તમે ભટ્ટ કર્યો, પશુમાંથી માણસ બનાવ્યો. તોતડાને અવ્યક્ત શબ્દો બોલતો કર્યો, હવે એની બુદ્ધિ ઉઘડે અને ચોખ્ખા શબ્દ બોલતો થાય એવી કૃપા કરો.'' ત્યારે ખુશાલ ભટ્ટ બોલ્યા, ''એ માણસ તો શું, દેવની પંક્તિમાં ગણાશે.''

પછી પૂછ્યું, ''છોકરા ! તને યજુર્વેદ આવડે ?''
''હા ! મારા પરમેશ્વર તમે તો મને નવો જન્મ આપ્યો.'' ભટ્ટજી કહે, ''તું મારી સાથે ધીમે ધીમે યજુર્વેદ બોલ જોઈએ.'' એમ કહી ભટ્ટ તે વેદનો પ્રથમ મંત્ર બોલવા લાગ્યા.

છોકરો પણ તેમની સાથે વેદ મંત્ર બોલવા માંડ્યો. પછી તો તે શુધ્ધ અને સ્પષ્ટ ઉચ્ચારથી યજુર્વેદના ચાલીસ અધ્યાય મુખ પાઠ ભણી ગયો.

ત્યારબાદ ભટ્ટજીએ છોકરાને અને સાથે આવેલા બ્રાહ્મણોને જમાડ્યા. બ્રાહ્મણોએ ખુશાલ ભટ્ટને સાક્ષાત્ ભગવાન જાણી, પ્રદિક્ષણાઓ કરી સાષ્ટાંગ નમસ્કાર કરી વિદાય લીધી.

પછી તો છોકરો બ્રાહ્મણો સાથે ઉતાવળે પગે ચાલતો પોતાને ગામ બરોળી ગયો, છોકરો પછી ઈડર, અમદાવાદ વગેરે ઠેકાણે ચાલીને જતો, સદ્‌ગૃસ્થ બ્રાહ્મણોને ઘેર વેદ બોલતો તેથી પુષ્કળ ભોજન અને દક્ષિણાઓ મળતી. પછી તો વિદ્વાન બ્રાહ્મણોની પંક્તિમાં તેનું માન સન્માન થતું. આ પ્રસિધ્ધ ગૌરીશંકર ધનપાઠીને યજ્ઞ યાગાદિકમાં નિમંત્રણ મળતું.

આ ગૌરીશંકર શ્રી હરિના દર્શન કરવા અમદાવાદ વડતાલ પણ આવતા. સંવત ૧૮૭૮ ના ફાગણ સુદ-૩ ના દિવસે શ્રીહરિએ અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી ત્યારે વરુણીમાં ૧૦૮ બ્રાહ્મણોમાં આ ગૌરી શંકર ધનપાઠી મંડપમાં બેઠેલા. શ્રીહરિએ મંડપમાં બેઠેલા સર્વેને કહ્યું, ''મોટા સત્પુરુષ જડને ચૈતન્ય અન પશુને દેવ કરે છે. તે જુઓ આ ગૌરીશંકર બેઠા.''

ગૌરીશંકર સાષ્ટાંગ નમસ્કાર કરી બોલ્યા, ''હે મહાપ્રભો ! આ ગોપાળાનંદ સ્વામી જ્યારે પૂર્વાશ્રમમાં હતા ત્યારે હું આ દેહે જમપુરી જેવા દુઃખ ભોગવતો હતો, તેમાંથી મને મુક્ત કર્યો, તમારા ચરણ કમળનો આશ્રિત કર્યો. માટે હું એમને ભગવાન જાણું છું. અને એમના ભગવાન આપને સમજું છું.''

શ્રીહરિ આ સાંભળી મંદ મંદ હસતા હતા.

શ્રીહરિની સાથે પ્રગટ થયેલા ઘણા સમર્થ સંતો પૈકીના પ્રથમ પંક્તિના મહાપ્રતાપી સંત યોગીવર્ય સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ ખુશાલ ભટ્ટ હતું. સર્વ લોકોને દર્શન માત્રથી જ સુખી કરી ખુશ કરતા.

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ટોરડા ગામમાં તેઓનું પ્રાગટ્ય સંવત ૧૮૩૭ ના મહા સુદ-૮ ને સોમવારના શુભ દિવસે થયું હતું.

પિતાનું નામ મોતીરામ અને માતાનું નામ જીવીબા. ટોરડામાં હાલ આપણું શિખરબધ્ધ મંદિર છે. હરિભક્ત માત્રએ જીવનમાં એકવાર આ મંદિર અને ગામનું દર્શન અચૂક કરવા જેવું છે. અરે ! આ ખુશાલ ભટ્ટને ઘેર શામળાજીથી સ્વયં શામળાજી ભગવાન એમની સાથે રમવા પધારતા હતા ત્યારે એમનું ઝાંઝર ટોરડા પડી રહેલું એ વાત પણ પ્રખ્યાત છે. ખુશાલ ભટ્ટે અનેક જીવાત્માઓના દુઃખ દૂર કર્યા હતા તે પૈકી આ ગૌરી શંકરનો પ્રસંગ વર્ણવ્યો છે.

જેના સંત આવા સમર્થ હોય તો એ સંત જેની ઉપાસના કરે છે એવા આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિની સામર્થી કેવી હશે ? એ વિચારવું અને સર્વ પ્રકારે એ ભગવાનને શરણે થવું, કહેતા ધર્મવંશી આચાર્ય થકી દીક્ષા લઈને શિક્ષાપત્રીની આજ્ઞાનું પાલન કરીને, શ્રીહરિ સ્થાપિત શ્રી નરનારાયણ આદિક સ્વરૂપોનો દૃઢ આશરો કરવો અને એવા સંતોનો જ સમાગમ કરવો કે જે શ્રીહરિ સ્થાપિત દેવ અને આચાર્યને વફાદાર અને નિષ્ઠાવાળા હોય!

સુખ સ્વપ્ન જેવું છે સંસારનું રે,
જેને જાતા ન લાગે વાર.
અંત કાળે સગુ નહિ કોઈનું રે.
માટે સેવે તું સાચા સંતને રે.
તારા ટળશે ત્રિવિધિના તાપ... અંત.
અતિ મોટા પુરુષને આશરે રે,
બળે પૂર્વ જન્મના પાપ.... અંત.
એવું સમજીને ભજ ભગવાન ને રે,
સુખકારી સદા ઘનશ્યામ.... અંત.
(દેવાનંદ સ્વામી)

**આસો સુદ-૧૫ નું ગ્રહણ પાળવાનું છે**

**તા. ૨૮/૨૯-૧૦-૨૦૨૩** ના રોજ આસો સુદ-૧૫ ના રોજ ચંદ્રગ્રહણ થાય છે. આ ખંડગ્રાસ ચંદ્ર ગ્રહણ એશિયા, પૂર્વ અમેરિકા, યુરોપ, આફ્રિકા તથા સંપૂર્ણ ભારતમાં દેખાશે જેથી ધાર્મિક દ્રષ્ટિએ આ ગ્રહણનો વેધ પાળવો જોઈએ.

અમદાવાદના સ્થાનિક સમય મુજબ વેધ તા. ૨૮-૧૦-૨૦૨૩ ના બપોરે ૧૫ કલાક ૧૩ મિનિટ ૩૯ સેકન્ડ અને બાળકો વૃધ્ધો તથા અશક્ત લોકો માટે વેધ ૧૯ કલાક ૩૮ મિનિટ ૧૬ સેકન્ડ રહેવા પામશે. ચંદ્ર ઉદય ૧૭.૫૬.

તા. ૨૯-૧૦-૨૦૨૩ સ્પર્શ રાત્રે ૧-૦૫, મધ્ય રાત્રે ૧-૪૪, મોક્ષ રાત્રે ૨-૨૨ થશે

# અમદાવાદ મંદિરમાં અધિકમાસ દર્શન



શ્રી નરનારાયણદેવ પાટોત્સવ



અક્ષર ભુવન પાટોત્સવ





રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ
તથા બહેનોને રંગમહોલમાં દર્શનનો લાભ



ધર્મકુળની નિશ્રામાં અખંડધૂન





ધર્મકુળની નિશ્રામાં સમૂહ મહાપૂજા



# અમદાવાદ મંદિરમાં અધિકમાસ દર્શન





























નારણઘાટ મંદિર અખંડધૂન



નારણઘાટ મંદિર રાજોપચાર





મેમનગર મંદિરમાં કથા



ધોળકા મંદિરમાં અન્નકૂટ





મહેસાણા મંદિરમાં કથા





ગાંધીનગર (સે.૨) મંદિરમાં રાજોપચાર

# અધિકમાસમાં કથાશ્રવણ

- એન. વી. શાસ્ત્રી

અધિક માસ એટલે પુરુષોત્તમ માસ. આ પવિત્ર અધિક માસમાં ભક્તજનો ભક્તિમાં તરબોળ બને છે. વ્રત ઉપવાસ કરી કથા શ્રવણનો અમૂલ્ય લાભ લે છે. સાથે સાથે પવિત્ર સરોવર-નદીમાં સ્નાન કરી જીવનની ધન્યતા અનુભવે છે.

માનવ જન્મનો હેતુ શું ? જીવનની સાર્થકતા શામાં છે ? જીવનમાં ધન્યતા ક્યારે અનુભવાય ?

સત્સંગ સાગરમાં ડૂબકી મારીએ કે ભક્તિની ભાગીરથીમાં સ્નાન કરતા જીવનમાં ધન્યતા અનુભવાય છે, બાકી આ વિશ્વ માયા અને મોહથી ભરેલું છે. ભગવાનના ભક્તો જ એનાથી અલિપ્ત રહી શકે છે. ભક્તિની ભાગીરથીમાં ન્હાયા પછી એનું જીવન સાદુ અને સંયમી બને છે. આનંદથી કરૂણામય જીવન જીવે છે.

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ સત્સંગ અને કથા-વાર્તાના ખૂબ આગ્રહી હતા. શ્રીમદ્ ભાગવત, શ્રી વાસુદેવ માહાત્મ્ય, વિદૂર નીતિ, શ્રીમદ્ ભગવદ્ ગીતા જેવા સત્શાસ્ત્રોની સ.ગુ. શુકાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી કે પ્રાગજી પુરાણી જેવા વક્તા-કથાકાર પાસે નિરંતર કથા કરાવતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે જુદાં જુદાં સ્થળે જે વાર્તાલાપ કર્યો, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચારેય પુરુષાર્થની જે વાતો કરી જે અધ્યાત્મ ગ્રંથ આપ્યો તે 'વચનામૃત' તો અમૃતની ખાણ છે. વચનામૃતના પાને-પાને આત્મા અને પરમાત્માની જે વાત કરી છે તે વેદ, શાસ્ત્ર કે પુરાણ આદિકના સારરૂપ મોક્ષને માર્ગે ચાલનારને માટે જીવનદોરી છે.

નવ પ્રકારની ભક્તિમાં શ્રવણ ભક્તિને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. શ્રવણ ભક્તિ એ શ્રધ્ધાવાન બનવાનું મૂળ સાધન છે. અને શ્રધ્ધાવાન જ સદાચારી-સત્સંગી બની શકે. તે જ ભક્તિ, સ્નાન, કે દાન કરે છે. એજ નિયમ, નિશ્ચયને પક્ષ રાખે છે. આજ્ઞા અને ઉપાસનાની સમજ શ્રવણ ભક્તિવાળા શ્રધ્ધાવાનમાં જ હોય. એટલે તો કથા શ્રવણ તો જીવનનું અમૃત છે.

પવિત્ર અધિક માસમાં સર્વત્ર મંદિરો, તીર્થ સ્થાનો કે જાહેર જગ્યાએ કથા-પારાયણનું મંગલમય-કલ્યાણકારી આયોજન થતું હોય છે. ભગવાનના ભક્તો ભગવાનના ગુણાનુંવાદ લીલાચરિત્રોનું રસ પાન કરે છે અને એ જ જીવને શાંતિ મેળવવાનો ઉપાય છે.

**આપણા સર્વોત્તમ ધામ "છપૈયાધામ" ખાતે અધિક માસમાં ૨૪ જુલાઈથી ૩૦ જુલાઈ-૨૦૨૩ સુધી "શ્રી ઘનશ્યામ બાલચરિત્ર"ની પારાયણ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી રાખેલ હતી.**

સંપ્રદાયના નવ યુવાન વિદ્વાન સંતોએ ભાવ વિભોર બની, કથા દરમ્યાન એવું વાતાવરણ ખડું કરેલ કે બાળ ઘનશ્યામની લીલા છપૈયા મધ્યે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની છત્રછાયામાં સૌ (બહેનો) હરિભક્તોને નજર સમક્ષ તાદશ નિહાળતા હોય તેવી અનુભુતિ કરાવેલ. લગભગ ૮૦૦ જેટલા હરિભક્તો આ શ્રી ઘનશ્યામ બાળ લીલાના સાક્ષી બન્યા હતા.

છપૈયા મંદિરના મહંત સ્વામી દેવપ્રસાદદાસજી અને વયોવૃદ્ધ સંત જગતપ્રકાશદાસજી સ્વામીએ બધા હરિભક્તોની એવી તો સરભરા કરી કે બધા હરિભક્તો આ કથાને જીવનભર યાદ કરશે. સૌએ સેવા, સ્મરણ અને સત્સંગની ત્રિવેણી સંગમ સરિતામાં સ્નાનનો મંગલ અવસર પ્રાપ્ત કર્યો. શ્રી નરનારાયણદેવ ગાદીના નાના-મોટા અનેક મંદિરોના ભાવિક ભક્તોએ આ પવિત્ર અધિક માસમાં કથા શ્રવણ દ્વારા શ્રીહરિ પ્રત્યેની નવધા ભક્તિ દૃઢ કરી.

તમને ખ્યાલ છે ને ? શ્રીમદ્ ભાગવતમાં ''પૃથુ રાજા''ની વાત આવે છે. એમણે પરમાત્મા પાસે કથા સાંભળવા દશ હજાર કાનની માગણી કરી હતી. (શ્રીમદ્ ભાગ-સ્કંધ-૪, અધ્યાય-૨૦) બોલો, કથા સાંભળવા ભગવાનના ચરિત્રો સાંભળવા કેટલી તાલાવેલી કે પ્રભુ પાસે દશ હજાર કાનની માગણી કરી !

ભગવાનના ચરિત્રોની કથા તો અનંત જન્મના પુન્ય ઉદય થયા હોય ત્યારે જ સાંભળવા મળે !

અનુ. પેજ નં. ૧૮ નું ચાલુ

સર્વ અંગે ખૂબજ સુંદર થશે. બધા અવયવો નિખરી આવ્યા. આ જરૂર અમારાં મહાન ભક્ત થશે. સત્સંગમાં અમારી ભક્તિ કરી આગળ આવશે. શ્રીહરિ મહાપ્રભુ સંતો, પાર્ષદો ભક્તજનોથી વિંટાયેલા અસવારો સાથે મેઉના ભક્તજનોને પોતાના સ્વરૂપનું સુખ આપી ઘોડા પર સવાર થઈ લાંઘણજપુર પ્રત્યે જવા નીકળ્યા. ઘનશ્યામ મહાપ્રભુ આવવાના સમાચાર સાંભળી નગરજનો આનંદવિભોર થઈ, સત્કારવા માટે ચંદન, કુમકુમ, ચોખા, શ્રીફળ વગેરે સામગ્રી હાથમાં લઈ ઉતાવળાં જતાં હતાં. આ ભક્તોમાં રામચંદ્ર, પ્રમુખ આદિ નાગરો, નારાયણ, ગણેશ, કૃષ્ણ વગેરે હતા. સ્ત્રીઓમાં સુવર્ણા વગેરે હતી. ધર્મપુત્ર નારાયણપ્રભુને સામે જઈ શીતલ મનોહર સ્વરૂપનાં દર્શન પામી, પૂજન કરી, આનંદિત થતાં હતા. વાજિંત્રો સહિત ઉચ્ચ સ્વરે કીર્તન કરતાં ભક્તજનોની પાછળ પાછળ મહાપ્રભુ નગર પ્રત્યે જઈ, રામજીભાઈના ઘરે નિવાસ કર્યો. ભુવનમાં વર્ણીએ સુંદર પાક બનાવ્યો. ભક્તજનોના કલ્યાણ માટે જમીને સાધુઓને સારી રીતે બેસાડી ખૂબ જમાડ્યા. ગામમાં કેટલાક દ્વેષી લોકો હતા. આ વૈશ્ય લોકો સ્વામિનારાયણ ભગવાન પાસે આવી વાદવિવાદ કરી કહેવા લાગ્યા, કે હે સ્વામિનારાયણ ! તમે જો ભગવાન હો તો, અમને અત્યારે જ કાંઈક ઐશ્વર્ય બતાવો. આવી વાણી સાંભળી મહાપ્રભુ તેમને કહેવા લાગ્યા અમે તો તમને કાંઈ ચમત્કાર નહીં બતાવીએ પણ તમારા ધર્મગુરૂ છે તે તમને ચમત્કાર બતાવશે. આવી ભવિષ્યવાણી સંભળાવી નારાયણ મુનિ ભગવાન ભક્તજનોની પૂજા અર્ચના ગ્રહણ કરી ત્યાંથી ડાંગરવા જવા નીકળ્યા.

## શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણથી પાવન થયેલ પ્રસાદીનું ગામ

# મેઉ



- અમદાવાદ કાલુપુર મંદિરથી બાય રોડ ૧ કલાક ૫૦ મિનિટ
- અમદાવાદ એરપોર્ટથી ૧ કલાક ૧૯ મિનિટ

- શાસ્ત્રી સ્વામી
નારાયણવલ્લભદાસજી (વડનગર)

ઉત્તર ગુજરાતમાં આવેલ મેઉ ગામ બિલકુલ લાંઘણજ ગામની પાસે જ છે. અમદાવાદ થી ગાંધીનગર થઈ વિસનગર હાઈ-વે ઉપર થઈ ગોઝારીયાથી મેઉ એસ.ટી માર્ગે જવાય છે. અમદાવાદથી લગભગ ૬૦ કિ.મી.ના અંતરે આવેલ છે. અહીં સુંદર નયનરમ્ય હરિમંદિર છે. મંદિર શ્રીનરનારાયણદેવ ગાદીના તાબાનું છે. મેઉ ગામમાં શ્રીજી મહારાજ ઘણી વખત પધારેલ છે. મેઉના ભૂખણદાસ ભાવસારે શ્રીહરિની ઉત્તમ સેવા કરી અલૌકિક લાભ પ્રાપ્ત કરેલો. સંપ્રદાયમાં મેઉ ગામ મોખરે છે. અહીં ભાવસાર અને ક્ષત્રિય હરિભક્તોનો સત્સંગ છે.

શ્રીજી મહારાજ દંઢાવ્ય દેશમાં વિચરણ કરતા કરતા વસઈથી મેઉ પધાર્યા ત્યારે સમાચાર સાંભળી ભૂખણ ભક્ત તેમના પુત્રો તુલસી,મંછારામ તેમના પુત્ર ભવાન આદિ સર્વે હરિભક્તો તથા સ્ત્રી ભક્તો હાથમાં પૂજા સામગ્રી લઈ, વાજિંત્રો વગાડતા કીર્તનો બોલતા શ્રીહરિની સામે જતા હતા. હે રાજન ! તે ભક્તજનો ભગવાનનાં દર્શન કરતાં જ મનમાં ખૂબ જ આનંદ પામતાં હતા પછી શ્રીહરિનું જુદી જુદી પૂજા સામગ્રીથી પૂજન કરતા હતા શ્રીહરિ મહાપ્રભુ અશ્વ ઉપર વિરાજમાન છે. સર્વે ભકતોથી વિંટળાયેલા છે. કીર્તન અને જયનાદ સહિત ગામમાં પધારી રહ્યા છે. હે રાજન! શ્રી હરિ જ્યારે ગામના માર્ગો પર જતા હતા ત્યારે કુબુધ્ધિવાળા દુર્જનો પણ હોય, તે મનમાં બળતા



હતા. તે કહેવા લાગ્યા. આ સ્વામિનારાયણ તો ખોટા ખોટા આડંબરો કરે છે. એમની દૃષ્ટિ ભયંકર જાદૂઈ છે. એમનો વિશ્વાસ ક્યારેય કરાય નહિ. આ શબ્દો સાંભળી તેમને શ્રીહરિ કહેવા લાગ્યા કે કેમ ખોટો બકવાસ કરે છે કે પછી ખાલી ખાલી બબડે છે ? તેઓને કહ્યું કે તમે ભગવાનનું પૂજન કરો તો ખરા ! ત્યારે તેઓ કાંઈ બોલ્યા નહિ. ભગવાન કહે છે, જગતમાં આવા અભાગિયા જીવો પણ હોય છે. આ પ્રમાણે કહી, શ્રીહરિ પોતાના ભક્તજનો સાથે સૌને દર્શનનું સુખ આપતા થકા ગામ નજીક મોટું વડનું વૃક્ષ હતું ત્યાં આવ્યા. ઘોડા ઉપરથી ઉતરી ઉંચા મંચ ઉપર બિરાજમાન થયા. આગળ સંત, વર્ણી, પાર્ષદ, સદ્‌ગૃહસ્થો અને અન્ય જનો બેઠા. દયાળુ મહાપ્રભુ સન્મુખ બેઠેલા ભક્તજનોને સ્વ સ્વરૂપના જ્ઞાનનો ઉપદેશ આપી રહ્યા હતા ત્યારે ભૂખણ ભક્ત શ્રીહરિકૃષ્ણને ભોજન માટે પ્રાર્થના કરતા હતા ત્યારે શ્રી મહાપ્રભુ ઉઠી ભૂખણ ભક્તને ઘેર પધાર્યા. વર્ણીએ તૈયાર કરેલો થાળ ભગવાનને અર્પણ કર્યો. તેને પોતે જમતા હતા. શ્રીહરિ થાળ જમી રહ્યા ત્યારે મુકુંદ વર્ણીએ જળથી ચળુ કરાવી જળપાન કરાવ્યું. પછી સંતોના સ્વામી મહાપ્રભુએ સંતોને જાતે પીરસી જમાડી તૃપ્ત કર્યા. હાથમાં ઘીમાં પકાવેલા માલપુવા લઈ ખૂબ આગ્રહ કરી સૌને પીરસતા હતા. ત્યારબાદ થોડો આરામ કરી વિશ્રાંતિ લેતા હતા. ત્યારે સ્વામિનારાયણ મહાપ્રભુ ભૂખણભક્તને ઉદાસ થયેલા જોઈ, કૃપાવાણીથી પૂછવા લાગ્યા કે તમારે ત્યાં સત્પુરુષોનું આગમન થયું છે ત્યારે તમે ઉદાસ કેમ છો ? ભૂખણ ભક્ત કહે છે : હે મહાપ્રભુ ! હે નારાયણ સ્વામી ! સાંભળો. અમારે ત્યાં પુરા સમયે પુત્રીનો જન્મ થયો છે છતાં તેના શરીરનાં કોઈ અંગો વિકસિત થયાં નથી. કેવળ રૂઢમૂઢ આકાર છે. એ જ કારણે ઉદાસ છીએ. ભક્તના આવા વચન સાંભળી, શ્રીહરિ ભક્તને આશ્વાસનનાં મધુર વચનો કહે છે. તમો પુત્રીને અમારી પાસે લાવો. ભૂખણ ભક્ત વસ્ત્રમાં ઢાંકીને રૂઢમૂઢ લોચા જેવી પુત્રીને મહાપ્રભુ પાસે લાવે છે. લાવેલ બાળકને જોયું તો તેને હાથ-પગ, કાંઈ અવયવ વિકસિત ન હતા. તેને સ્પર્શ કરી કહેવા લાગ્યા આતો

(અનુ. પેજ નં. ૧૭ ઉપર)

શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી-ઓગસ્ટ-૨૦૨૩

| | |
|---|---|
| તા. ૦૪-૦૮-૨૦૨૩ | પ.ભ.શ્રી નિકુલ ડાહ્યાભાઈ ચૌધરી - બાલવા |
| તા. ૦૫-૦૮-૨૦૨૩ | પ.ભ.શ્રી ભાઈલાલભાઈ શિવાભાઈ પટેલ -વિમલ ગ્રુપ - હ. ચિરાગ, દર્શન, મિલન - સોજા-ડીસા |
| તા. ૦૬-૦૮-૨૦૨૩ | (સવારે) શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - ઘાટલોડિયા<br>(૧૧ કલાકે) શ્રી રેવતીજી મહિલા મંડળ - જેતલપુર - હ. સાંખ્યયોગી બચીબા તથા નર્મદાબા<br>(૩ કલાકે) શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ, સાબરમતી-વાવોલ |
| તા. ૧૨-૦૮-૨૦૨૩ | પ.ભ.શ્રી દેવર્ષિ મુકેશભાઈ ઠક્કર - વસ્ત્રાપુર |
| તા. ૧૩-૦૮-૨૦૨૩ | (સવારે) શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું દરબારગઢ) - મોરબી - હ. સાંખ્યયોગી રાજકુંવરબા તથા ઉષાબા<br>(૧૧ કલાકે) શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - કર્મશક્તિ - નવા નરોડા |
| તા. ૧૪-૦૮-૨૦૨૩ | પ.ભ.શ્રી સવિતાબેન જયંતિભાઈ પટેલ - ડાંગરવાવાળા હા. ગાંધીનગર |
| તા. ૧૫-૦૮-૨૦૨૩ | શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - કાલુપુર (હવેલી) |
| તા. ૧૯-૦૮-૨૦૨૩ | પ.ભ.શ્રી પ્રમોદભાઈ બાલમુકુંદ દવે - મુંબઈ - પ્રેરણા : સ્વામી નારણપ્રસાદદાસજી મહંતશ્રી મહેસાણા |
| તા. ૨૦-૦૮-૨૦૨૩ | શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - કાલુપુર |
| તા. ૨૪-૦૮-૨૦૨૩ | પ.ભ.શ્રી શૈલેષભાઈ ગોવિંદભાઈ પટેલ - મોખાસણવાળા |
| તા. ૨૫-૦૮-૨૦૨૩ | અ.નિ. શારદાબેન ગોવિંદભાઈ પટેલ (ભગત) - કાળીગામ - હ. વિણાબેન રતિલાલ પટેલ - પોર |
| તા. ૨૬-૦૮-૨૦૨૩ | સત્સંગ સમાજ સ્વામિનારાયણ મંદિર જુના-રાણીપ |
| તા. ૨૯-૦૮-૨૦૨૩ | સત્સંગ સમાજ સ્વામિનારાયણ મંદિર લાલોડા, તા. ઈડર - પ્રેરણા : શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ દાનભેટની યાદી-ઓગસ્ટ-૨૦૨૩

| | |
|---|---|
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ.શ્રી કાંતિભાઈ કચરાભાઈ ચૌધરી - બાલવા - હ. અશોકભાઈ કાંતિભાઈ ચૌધરી - શ્રીહરિ પ્રસન્નાર્થે. |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ગણેશ પૂજન

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર વર્ષની જેમ ગણેશ ચતુર્થી તા.૧૯- ૯-૨૦૨૩ ના મંગળવારે સવારે ૧૦-૩૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ગણપતિજીનું પૂજન કરવામાં આવશે.

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com**





# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગસભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ''ચૈતન્ય'' અને ''જડ'' નો ભેદ**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આપણે સત્સંગની સભામાં શું સમજણ કેળવવાની છે? જડ અને ચૈતન્યનો ભેદ સમજવાનો છે. આત્મનિષ્ઠા કેળવવાની છે. આત્મા ચૈતન્ય છે. દેહ જડ છે. આત્મા શુદ્ધ છે દેહ નરકરૂપ છે. આત્મા અવિનાશી છે. દેહ નાશવંત છે. આત્મા આનંદરૂપ છે, દેહ દુઃખરૂપ છે. આમ આત્માને દેહ થકી જુદો સમજવાનો છે.

માયા હકીકતમાં સત્ય નથી પણ સત્યની પ્રતિતી કરાવે, સત્ય જેવું ભાસે છે. જ્યારે પરમાત્મા અખંડ, શાશ્વત, અપરિવર્તનશીલ છે. કાયમી છે.

દાખલા તરીકે વૃક્ષ પર પહેલા ફૂલ, પછી કાચું ફળ અને પછી પાકું ફળ થાય છે. એવી જ રીતે માતાના ઉદરમાં 'જીવ' આવે છે ત્યારથી એમાં પરિવર્તન ચાલુ થઈ જાય છે. બાલ્યાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા, વૃધ્ધાવસ્થા એમ મૃત્યુ સુધી પરિવર્તન આવ્યા જ કરે છે. એ કાયમી રહેવાનો નથી.

પરમાત્મા 'શાશ્વત' છે એમાં પરિવર્તન આવતું નથી. આત્મા શાશ્વત છે, એ જ ભેદ સમજવાનો છે. હું શુદ્ધ આત્મા છું દેહ નથી એવી સમજણ આવે તો વિષયમાં પ્રીતિ આવે જ નહિ.

પણ આપણે તો આ શરીરને શાશ્વત માની લઈએ છીએ. ત્યાં જ તકલીફ છે. શરીર ઉપર આપણો અધિકાર છે જ નહિ, જો હોય તો, આપણે વૃદ્ધાવસ્થા આવવા જ ન દઈએ. અરે ! કોઈપણ પ્રકારનો રોગ જ ન થવા દઈએ. આ શરીર ઉપર આપણું આધિપત્ય ચાલતું નથી. એમાં તો ક્ષણે ક્ષણે પરિવર્તન થાય છે. પળે પળે આ શરીરનો વિયોગ થઈ રહ્યો છે.

બાળકના જન્મ પછી એક વર્ષ બાદ આપણે જન્મ દિવસ ઉજવીએ છીએ, રાજી થઈએ છીએ કે એક વર્ષનો થઈ ગયો. પણ હકીકતમાં એના જીવનનું એક વર્ષ ઓછું થઈ ગયું.

શરીરના સંજોગો વિયોગી સ્વભાવના છે, પરિવર્તનશીલ છે. એને કાયમી સમજવાની ભૂલ કરીએ છીએ. શાશ્વત માની લઈએ છીએ.

આ ભેદ બહુ જ 'બારીક' છે. આ સમજવા માટે કાયમ સત્સંગ કરવાનો આગ્રહ રાખવો પડે, તો જ દેહ અને આત્માની વિક્તી નોખી સમજાય. જો કાયમી સત્સંગ ન રહે તો સમજણ છે તે તૂટી જાય. જ્ઞાન બધું જતુ રહે ! માયાનું આવરણ આવી જાય.

જ્ઞાન કાચ જેવું છે. તેનું સાવધાની રાખી જતન કરવું પડે. કાચના ગ્લાસમાં દૂધ હોય તે હાથમાંથી પડી જાય તો, દૂધ ઢોળાઈ જાય. પછી તે દૂધ લેવું શક્ય છે ? દેહ ને આત્માની સમજણ જતી રહે, એ જ્ઞાન જતુ રહે તો એને સાવધાનીથી સાચવવું પડે.

આ જ્ઞાન જાય તો ? ''હું આત્મા છું અને જે પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તે પરમાત્મા છે.'' આ જ્ઞાન થકી જ ભગવાન પ્રાપ્ત થવાના છે.

આથી જે વસ્તુ નાશવંત છે, નિત્ય નથી, સત્યનો ભાસ કરાવે છે એનું ચિંતવન કરવાથી એમાં મોહ રાખવાથી કાંઈ હાથમાં નહિ આવે. જીવનનો બધો પરિશ્રમ વ્યર્થ જશે.

શાશ્વત અને માયિકનું જ્ઞાન હશે ભેદ સ્પષ્ટ કરશો તો જ ભગવાનનું ચિંતવન થશે.

ભગવાન કેટલા બધા દયાળુ છે, એ તો આપણને વિપરીત પરિસ્થિતિમાં જ ખબર પડે. જીવનમાં ઘણી વખત એવું થતું હશે કે ભગવાને દયા કરી ન હોત તો, મારાથી આમાંથી બહાર નીકળાય એવું હતું જ નહિ. ભગવાને જ બચાવ્યા હોય એવું લાગે. બધાને આવા અનુભવ થતા હશે. ભગવાનની કેટલી કરુણા છે, આપણને આ સત્સંગ મલ્યો છે. સ્હેજે સ્હેજે બધું જ મળે છે. તો બધી ચિંતા છોડી ભગવાનનું ચિંતવન કરતા રહીશું તો, આપણો તો બેડો પાર જ છે.

**શ્રાવણ સુદ-૧૫ પૂનમની (રક્ષાબંધન) સત્સંગ સભા ઠાકોરજીને થાળ સંત-હરિભક્તોની રસોઈના યજમાનશ્રી પ.ભ.શ્રી ભાઈલાલભાઈ અંબાલાલ પટેલ, પ.ભ.શ્રી ગણપતભાઈ અંબાલાલ પટેલ, પ.ભ.શ્રી દશરથભાઈ અંબાલાલ પટેલ પરિવાર (મોટેરા)**

**ધજાના યજમાન :**
**પ.ભ. પ્રવેશભાઈ મણીભાઈ સોની (માંડલવાળા)**

# સત્સંગ સમાચાર

**શ્રાવણ માસમાં ધર્મકુળ સાથે શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પદયાત્રા યોજાઈ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સમગ્ર બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના શુભ સંકલ્પથી પવિત્ર શ્રાવણ માસમાં અમદાવાદ શહેર-પરા વિસ્તાર અને આજુબાજુના ગામોના સમસ્ત હરિભક્તોને ભરતખંડના રાજાધિરાજ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના દર્શને તા. ૨૭-૮-૨૩ શ્રાવણ સુદ-૧૧ રવિવારના પદયાત્રા યોજવામાં આવી હતી. જેમાં ન ભૂતો ભવિષ્યતિ જેમ હજારોની સંખ્યામાં સંત-હરિભક્તો નાના બાળક-યુવાન અને વૃધ્ધ સુધીના સૌ કોઈ પદયાત્રામાં જોડાયા હતા. આ પદયાત્રાની વિશેષતા તો એ હતી કે મેમનગર શ્રી સ્વામિનારાયણ બાગથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી તથા બ્રહ્મચારી સ્વામી અને બીજા ઘણા સંતો જોડાયા હતા. અને પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પડદામાં સાંખ્યયોગી બહેનો સાથે પદયાત્રામાં જોડાયા હતા. શ્રી નરનારાયણદેવના શણગાર આરતીના દર્શન બાદ સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પ્રાસંગિક સભામાં સૌ ઉપર ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પદયાત્રીઓને નાસ્તાના યજમાન પ.ભ. ચંદ્રકાંતભાઈ ગોવિંદભાઈ પટેલ (પિન્ટુભાઈ - કોઠાવાળા), પ.ભ. પ્રવિણભાઈ નટવરભાઈ પટેલ (સેડલાવાળા) પરિવાર રહ્યાં હતા. તમામ પદયાત્રીઓને અમદાવાદ મંદિર દ્વારા સુંદર ફળાહાર કરાવવામાં આવ્યું હતું. પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી અને સંત મંડળે આ પ્રસંગે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

(કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજી)

**અમદાવાદ મંદિર આયોજીત (શિલજ, થલતેજ, બોડકદેવ, સાયન્સસીટી) સિંધુભવનમાં રાત્રીય પારાયણ**

ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી અમદાવાદના સમૃદ્ધ રમણીય એવા પશ્ચિમ વિસ્તાર થલતેજ, બોડકદેવ, શિલજ અને સાયન્સ સીટી વિસ્તારમાં વસતા આપણા હજારો હરિભક્તોને પવિત્ર શ્રાવણ માસમાં કથાનો લાભ મળે અને તે પણ દરેકના ટાઈમ ટેલબના અનુકૂળ સમય રાત્રીના ૮-૩૦ થી ૧૦-૩૦ તા. ૨૮-૮-૨૩ થી તા. ૩-૯-૨૩ પર્યન્ત સમય દરમ્યાન સંપ્રદાયના સુપ્રસિધ્ધ યુવાન કથાકાર સંત પૂજ્ય સદ્. શાસ્ત્રી સ્વામીશ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સંગીતની મધુર સુરાવલી સાથે કથામૃત પાન કરાવ્યું હતું. સમગ્ર વિસ્તારના હજારો હરિભક્તોએ પવિત્ર શ્રાવણ માસમાં કથાનું રસપાન કરી ધન્ય થયા હતા. કથા દરમ્યાન ધામોધામના સંતો અને અગ્રગણ્ય ધાર્મિક અને રાજકિય મહાનુભાવોએ પધારીને કથામૃતનું રસ પાન કર્યું હતું. આ પ્રસંગમાં યજમાનોમાં પોથીયાત્રાના યજમાન પ.ભ. હીરાભાઈ સાગરભાઈ ઠક્કર, અ.સૌ. ઉર્મિલાબેન હીરાભાઈ ઠક્કર પરિવાર (થલતેજ) રહ્યા હતા. દૈનિક સેવામાં ઘણા યજમાનોએ સેવા કરી હતી. કથા દરમ્યાન પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોતમપ્રકાશદાસજી કથામાં દરરોજ પધારતા હતા. તેમજ ધામોધામથી અનેક સંતોએ પધારી આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર પ્રસંગનું સભાપતિનું સુંદર સંચાલન કોટા (રાજ.) મંદિરના યુવાન પૂ. કોઠારી સ.ગુ. શા. સ્વા. નારાયણમુનિદાસજીએ (અમદાવાદ મંદિર) શોભાવ્યું હતું.

(શા. વ્રજ સ્વામી)

**અધિક માસમાં ૩૦ ગામોમાં સત્સંગ સભા**

અધિક શ્રાવણ માસમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર આયોજનથી સત્સંગલક્ષી અનેક પ્રવૃત્તિઓમાં આ એક સુંદર પ્રવૃત્તિ શ્રી નરનારાયણદેવ દેશના ૩૦ ગામોમાં આપણા સંતો દ્વારા સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેનાથી હરિભક્તો ખૂબ રાજી થયા હતા અને દરેકને પ્રેરણા અને બળ મળ્યું. આ રીતે આગામી અનેક કાર્યક્રમો થશે તેની સૌને અંક દ્વારા જાણ કરવામાં આવશે.

(૧) મેઢા (૨) કુંડાળ (કડી) (૩) ભાઉપુરા (૪) ખેરોલ (૫) કુડાસણ (ગાંધીનગર) (૬) ઈસંડ (કલોલ) (૭) ઝુંડાલ (૮) સરઢવ (ગાંધીનગર) (૯) લુણાવાડા (પંચમહાલ) (૧૦) મુબારકપુરા (ગાંધીનગર) (૧૧) ઈશ્વરપુરા (ચૌધરી) (૧૨) ડાંગરવા ડાભી (૧૩) સોનારડા (દહેગામ) (૧૪) આક્રુન્દ (૧૫) સાણંદ (૧૬) રાયસણ (ગાંધીનગર) (૧૭) અંબાપુર (ગાંધીનગર) (૧૮) બિલોદરા (માણસા) (૧૯) બદપુરા (૨૦) ગવાડા (૨૧) મોખાસણ (૨૨) ધમાસણા (૨૩) રાણીપુરા (૨૪) સાયન્સસીટી (અમદાવાદ) (૨૫) કડી (અણમોલવિલા) (૨૬) બહિયલ (બાકરોલ) (૨૭) લવારપુર (૨૮) વરસોડા (૨૯) વિજાપુર (૩૦) ઉનાવા.

**જેતલપુરધામમાં અધિક માસમાં પાટોત્સવ ઉજવાયો**

સંકલ્પસિધ્ધ પરમકૃપાળુ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા સ.ગુ.પૂ. મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. પૂ. શાસ્ત્રી સ્વામી પી.પી. સ્વામીની પ્રેરણા-માર્ગદર્શનથી તથા પૂ. મહંત સ્વામી કે.પી. સ્વામીના સુંદર આયોજન દ્વારા પવિત્ર શ્રાવણ વદ અધિક માસની ૮ આઠમના શુભ દિવસે શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ પ.ભ. સુરેશભાઈ મફતલાલ ઠક્કર, અ.નિ. જ્યોત્સનાબેન સુરેશભાઈ ઠક્કર પરિવાર -હ. તેજેન્દ્રભાઈ, અભિષેકભાઈ, સહજ અને નિહીરા (કલોલીવાળા) તરફથી ઉજવાયો. ઠાકોરજીને બ્ર. પૂજારી સ્વામી પૂર્ણાનંદજી અને સંતો દ્વારા સુંદર ષોડશોપચાર મહાભિષેક અને

અન્નકૂટ આદિ થયા હતા. સભા સંચાલન શા. બ્ર. સ્વામી હરિસ્વરૂપાનંદજી (જેતલપુર)એ કર્યું હતું. પ્રાસંગિક સભામાં પૂ. શા. પી.પી. સ્વામીએ યજમાન પરિવારની સેવાને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગના હજારો હરિભક્તોએ દર્શન કરી ધન્યભાગી બન્યા હતા. (શા. ભક્તિનંદન સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પવિત્ર શ્રાવણ માસમાં નારણપુરા મંદિર અને જેતલપુર મંદિર દ્વારા શ્રીમદ્ સત્સંગિજીવન રાત્રીય કથા પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પ.પૂ.મોટા મહારાજશ્રી અને પરમપૂજ્ય લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી પવિત્ર શ્રાવણ માસમાં જેતલપુર અને નારણપુરા મંદિર દ્વારા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં પ્રસાદીભુત હોલમાં જેતલપુર મંદિર-નારણપુરા મંદિરના મહંત સ્વામી પૂ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી તા. ૨૦-૮-૨૩ થી તા. ૨૬-૮-૨૩ દરમ્યાન રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન કથા સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂ. સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીના વક્તાપદે સંગીતના મધુર તાલે સંપન્ન થઈ હતી. જેના યજમાન પ.ભ. રામભાઈ પટેલ પરિવાર - હ. રાજેન્દ્રભાઈ પટેલ (માણસા) તથા ગં.સ્વ. અંબાબેન ભોળાભાઈ પટેલ - હ. જગદીશભાઈ ભોળાભાઈ પટેલ (આમજા) આદિ પરિવાર રહ્યા હતા. સમગ્ર કથા દરમ્યાન જેતલપુર મંદિરના મહંત સ.ગુ. કે.પી. સ્વામી અને નારણપુરા-મથુરા મંદિરના મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ સુંદર આયોજન કર્યું હતું. સમગ્ર પ્રસંગમાં પૂ. શા. ભક્તિનંદન સ્વામીએ સભા સંચાલન સુંદર રીતે કર્યું હતું. નારણપુરા વિસ્તારના કથા પ્રેમી ભક્તોના આગમનથી આખો હોલ ખીચોખીચ ભરાઈ જતો હતો. પ.ભ. દાસભાઈ અને તેમની ટીમે પણ સુંદર સેવા કરી હતી.

(શા. સ્વા. ભક્તિનંદનદાસ - જેતલપુર)

**મેમનગર ભક્તિનગરમાં સ્વરૂપ ચિંતામણી રાત્રીય પારાયણ**

શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ રાજીપાથી તેમજ અમદાવાદ મંદિરના મહંત પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી મેમનગર ભક્તિનગર આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પવિત્ર શ્રાવણ માસમાં અત્રેના હરિભક્તોને સત્સંગ કથાવાર્તાનો લાભ મળે તેવા શુભ હેતુથી તા. ૧૮-૮-૨૩ થી તા. ૨૨-૮-૨૩ પર્યન્ત રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સુધી શ્રીહરિને અતિપ્રિય 'શ્રી સ્વરૂપ ચિંતામણી' ગ્રંથની રાત્રીય પારાયણ નારણઘાટ મંદિરના યુવાન મહંત સ્વામી શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. જેના યજમાન પ.ભ. કાશીરામભાઈ શંકરભાઈ પટેલ, અ.નિ. નટવરભાઈ ગંગારામભાઈ પટેલ, અ.નિ. ગંગારામભાઈ મહાદેવભાઈ પટેલ, અ.નિ. વાલીબેન ગંગારામભાઈ પટેલ, પ.ભ. લાલજીભાઈ રણછોડભાઈ પટેલ, પ.ભ. રૂખીબેન લાલજીભાઈ પટેલ, અ.નિ. કાંતિલાલ મલૂકચંદ ફીચડીયા અને પ.ભ. રંજનબેન ફીચડીયા પરિવાર રહ્યાં હતા. કથા દરમ્યાન અમદાવાદ મંદિરના પૂ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી અને ધામોધામથી અનેક પૂ. સંતો અને અગ્રગણ્ય હરિભક્તોએ પણ પધારીને કથામૃતનું પાન કર્યું હતું. મેમનગર વિસ્તારના હજારો હરિભક્તોએ સુંદર કથામૃતનું રસપાન કરી ખૂબજ ધન્ય બન્યા હતા. તા. ૨૨-૮-૨૩ ના રોજ કથાની પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર કથા પ્રસંગનું સભાપતિનું સ્થાન સ.ગુ. કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી (કોટા)એ શોભાવ્યું હતું.

(કોઠારીશ્રી મેમનગર મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર શ્રાવણ માસમાં અધિક સત્સંગ મહાપૂજા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા અ.નિ.પૂ. ભંડારી દાદા સ.ગુ. સ્વામી જાનકીવલ્લભદાસજીની દિવ્ય પ્રેરણાથી અને સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી અને યુવક મંડળના સુંદર માર્ગદર્શન પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ-બાપુનગર ખાતે તા. ૧૮-૭ થી ૧૫-૯-૨૩ પર્યન્ત શા. સ્વા. ભક્તિકિશોરદાસજીના વક્તાપદે સત્સંગિજીવન તથા મહંત શા. સ્વા. વાસુદેવ સ્વામીના વક્તાપદે શ્રીહરિસ્મૃતિની કથા એપ્રોચ મહિલા મંડળના યજમાનપદે થઈ હતી. તા. ૩૧-૭-૨૩ ના રોજ અધિક પાટોત્સવ અંતર્ગત શ્રી ઘનશ્યામ મહારાજનું ષોડશોપચાર પૂજન, અભિષેક તથા અન્નકૂટ થયો હતો.

તા. ૨૦-૮ ના શ્રી ઘનશ્યામ મહારાજનું પૂજન, કેશરજળ થી સ્નાન, ધારીનો અન્નકૂટ તથા સમૂહ મહાપૂજાનું આયોજન થયું હતું. બે માસ પર્યંત ચાલેલા હિંડોળા ઉત્સવ પૈકી આ દિવસે પ.પૂ. મહારાજશ્રીએ પધારીને હિંડોળાનું દર્શન, સમૂહ મહાપૂજાની પૂર્ણાહુતિની આરતી, નિજ મંદિરમાં આરતી તથા હરિભક્તોના રસોડામાં પધરામણી કરી સભામાં બિરાજી નિકોલ નૂતન મંદિરના નિર્માણ માટે સૌને શુભાશીર્વાદ પઠાવ્યા હતા. સ.ગુ. મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)એ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

આ પ્રસંગે નૂતન મંદિર અર્થે ઘણા હરિભક્તોએ ખૂબ મોટી સેવાની સરવાણી વહાવતા એપ્રોચ મંદિર દ્વારા કુલ ૫૪૦૦ ફૂટ (૧ ફૂટના રૂા. ૨૦,૪૦૦/-)ની સેવાની ઘોષણા થઈ હતી. ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

**ભાભર (બનાસકાંઠા) ગામે શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી એમ સમગ્ર ધર્મકુળના રાજીપા - આશીર્વાદથી તેમજ પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (કોટા), અમદાવાદ મંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા - માર્ગદર્શનથી અને પૂ.સદ્. કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી (અમ-કોટા)ના સુંદર આયોજનથી બનાસકાંઠાના ભાભરના હરિભક્તોના સુંદર સહયોગથી પવિત્ર શ્રાવણ માસમાં તા. ૨૪-૮-૨૩ થી તા. ૨૮-૮-૨૩ પર્યન્ત સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂજ્ય સદ્. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે શ્રીમદ્

સત્સંગિજીવન રાત્રીય પંચાન્હ પારાયણ સંપન્ન થઈ હતી. જેમાં બનાસકાંઠા વિસ્તારના હજારો ભાઈઓ-બહેનોએ કથા શ્રવણ કર્યું હતું. અમદાવાદ મંદિરના પૂ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી સંત મંડળ સાથે પધારી સભામાં આશીર્વાદ આપ્યા હતા. પૂ. શા. સ્વા. નારાયણમુનિદાસજી અને સ્વામી ગોપાલચરણદાસજીએ સુંદર સભા સંચાલન કર્યું હતું.

(નરનારાયણદેવ યુવક મંડળ - ભાભર)

**વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભાગવત કથા તથા પાટોત્સવ ઉજવાયો**

ઐતિહાસિક નગરી વડનગરમાં આવેલ શ્રી નરનારાયણદેવ ગાદીના તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદથી શ્રીજી મહિલા મંડળ તરફથી તા. ૯-૮-૨૩ થી ૧૩-૮-૨૩ સુધી શ્રીમદ્ ભાગવત કથાનું મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીના વક્તાપદે આયોજન થયું હતું. સાથે સાથે શ્રીજી મહિલા મંડળ વડનગર દ્વારા શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ પણ તા. ૧૩, ઓગસ્ટ રવિવારે ઉજવાયેલો હતો. આ પ્રસંગે શ્રી ઠાકોરજીનો અભિષેક તેમજ અન્નકૂટનું પણ મંગલ આયોજન કર્યું હતું.

આ ભાગવત કથાનું અધિક માસ દરમ્યાન નગરના મોટી સંખ્યામાં હરિભક્તોએ શ્રવણ કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે પટેલ ઉમાબેન, પટેલ રમાબેન, પટેલ મીનાબેન, ભાવસાર માધુરીબેન, ભાવસાર કંચનબેન, પટેલ સુનિતાબેન (કચ્છી), ભાવસાર નયનાબેન, ભાવસાર લલિતાબેન, ભાવસાર દક્ષાબેન વિગેરે તમામ શ્રીજી મહિલા મંડળ વડનગરની બહેનોએ ઉત્સાહ પૂર્વક પ્રસંગ દીપાવ્યો હતો. સભા સંચાલન કોઠારી શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ દીપાવ્યું હતું. આભાર વિધિ ટ્રસ્ટી શ્રી નવીનભાઈ, ભાવસાર ભાલચંદ્રભાઈ, ભાવસાર નટુભાઈ, ભાવસાર હસમુખભાઈ તેમજ પટેલ કાલીદાસભાઈએ કરી હતી.

**સાપાવાડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિક માસમાં સમૂહ મહાપૂજા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ રાજીપાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા ખાતે પવિત્ર અધિક શ્રાવણ માસમાં તા. ૨૧-૭-૨૩ ના રોજ ઠાકોરજી સમક્ષ સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન અત્રેના મહંત સ્વામી અનિરૂધ્ધચરણદાસજી (મૂળી) અને સંત મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં હરિભક્તોએ સજોડે બેસી મહાપૂજાનો લાભ લીધો હતો. પ.ભ. ડૉ. હરિકૃષ્ણભાઈ, પ.ભ. મૂળજીભાઈ, પ.ભ. ઈશ્વરભાઈ પટેલ (કાલુપુર મંદિર કેશીયરશ્રી) આદિ હરિભક્તોએ પ્રેરણાત્મક સેવા કરી હતી. મહંત સ્વામી ખૂબજ ઉત્સાહી છે. જેથી અવાર-નવાર ભગવાન અને ધર્મકુળને રાજી કરવા ઉત્સવ ઉજવતા હોય છે.

(રાજુ ભગત સાપાવાડા)

**ન્યુ દિલ્હી શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ**

ગુજરાત વિહાર ન્યુ દિલ્હી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૦-૮-૨૦૨૩ ના રોજ સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ પરમપૂજ્ય લાલજી મહારાજશ્રીની નિશ્રામાં ધામધૂમથી સંપન્ન થયો.

સવારના પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક વેદવિધિસર સંપન્ન થયો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં પાટોત્સવના યજમાન પરિવાર ઉપર રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ અન્નકૂટ આરતી થઈ હતી. પ્રાસંગિક સભામાં પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી જગતપ્રકાશદાસજી, મથુરાના શા. દેવ સ્વામી અને અત્રે મંદિરના મહંત શ્રી યોગી સ્વામીએ પ્રેરણાત્મક આશીર્વાદ પાઠવ્યા હતા. પૂ. લાલજી મહારાજશ્રી સાથે કોઠારી શા. મુનિ સ્વામી અને હજૂરી પાર્ષદ સેવામાં જોડાયા હતા.

(માધવ સ્વામી - ન્યુ દિલ્હી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર નાલંદા-૨ મોડાસા ખાતે અધિક શ્રાવણ માસમાં સ.ગુ. મહંત સ્વામી પ્રાણજીવનદાસજી (પ્રાંતિજ) અને સ્વા. સૂર્યપ્રકાશદાસજીએ દશમ સ્કંધ કથાનું રસપાન કરાવ્યું હતું. ભાઈઓ અને બહેનોએ મળી ઠાકોરજી સમક્ષ સુંદર વિવિધ પ્રકારના હિંડોળા બનાવી ભગવાનને ઝુલાવ્યા હતા. તા. ૧૬-૮-૨૩ અધિક શ્રાવણ વદ અમાસના ઠાકોરજીને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. શ્રાવણ વદ-૭ ના ઠાકોરજીને ષોડશોપચાર અભિષેક કરવામાં આવ્યો હતો. સૌ ભક્તો દર્શન કરી ધન્ય બન્યા હતા. (કે.બી. પ્રજાપતી કોઠારી)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા (સીતા દરવાજા)**

શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા (સીતા દરવાજા) ખાતે શ્રાવણ મસામાં રણજીતગઢ શ્રી હરિકૃષ્ણ ધામના પૂ. ભક્તિ સ્વામીના સંતો એ મૂળી શ્રી રાધાકૃષ્ણદેવના દશાંશ-વિશાંસ વિશેની સુંદર કથા કરી હતી. સાથે શ્રી ઘનશ્યામ બાલ ચરિત્રની પણ કથા કરી હતી. હરિભક્તો કથા શ્રવણ કરી ખૂબ રાજી થયા હતા.

(અનિલ દૂધરેજીયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કારોલ (તા. ચૂડા)**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કારોલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિક શ્રાવણ માસમાં સાજે શ્રી નરેન્દ્રભાઈ સોની દ્વારા ભાગવત કથા કરવામાં આવી હતી. રોજે ધૂન અને સત્સંગી બહેનો દ્વારા પૂર્ણાહુતિ પ્રસંગે ઠાકોરજીને અન્નકૂટ આદિ થયા હતા. ગામના સૌ ભક્તોએ સુંદર લાભ લીધો હતો. (નરેન્દ્ર કેશવલાલ સોની - કોઠારી)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર સિડની-બ્લેક ટાઉન**

શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી સિડની બ્લેક ટાઉન આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ માસમાં બાળ મંડળના બાળકોએ અંગુઠી લીલામાંથી પ્રેરણા લઈ સુંદર મજાના ચોકલેટના હીંડોળા બનાવી ભગવાન શ્રીહરિને ઝુલાવી ભગવાનને રાજી કર્યા હતા અને અમને પણ બાલ ઘનશ્યામ મહારાજની લીલારૂપી આનંદ આપજો એવી પ્રાર્થના કરી હતી. (પ્રિતેશ કેશવ - સિડની)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**અધિક શ્રાવણ સુદ-૧** પ.ભ કોકીલાબેન ભગુભાઈ પટેલ (ચાંદખેડા), પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. નિરવ ચંદ્રકાન્તભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ.અ.નિ. શિવજી નાનજી વરસાણી (માનકુવા-કચ્છ), પ.ભ. ઘનશ્યામભાઈ આદરભાઈ પટેલ (મુબારકપુરા), પ.ભ. શ્લોક વાસુદેવભાઈ પટેલ (મોખાસણ). **અધિક શ્રાવણ સુદ-૨** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ.અ.નિ. બિપીનચંદ્ર ઘનશ્યામપ્રસાદ જાની (અમદાવાદ). **અધિક શ્રાવણ સુદ-૩** પ.ભ. દિવ્યકાંતભાઈ આઈ. શાહ (પાટોત્સવના સહયજમાન) (અમદાવાદ), પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. મહેશભાઈ વેલજીભાઈ ચૌધરી (બદપુરા), પ.ભ. ચંદુભાઈ કુવરજીભાઈ ગજેરા (સોલા), પ.ભ. રાજુભાઈ (પાટોત્સવના સહ યજમાન), પ.ભ. બ્રહ્મભટ્ટ રાજુભાઈ હિરાભાઈ (કલોલ). **અધિક શ્રાવણ સુદ-૩** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), હવેલી, પ.ભ. વલ્લભ ભગત (માંડવધાર), પ.ભ. ભાવેશભાઈ બળદેવભાઈ ચૌધરી (બદપુરા). **અધિક શ્રાવણ સુદ-૪** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. જીગરભાઈ અશોકભાઈ જોઈતારામ પટેલ (ડાંગરવા), શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ (કાલુપુર), પ.ભ. નંદલાલભાઈ વજુભાઈ પટોળીયા (ગાંધીનગર), પ.ભ. કનુભાઈ કરશનભાઈ (માણસા), પ.ભ. મનસુખ જાદવ રાઘવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. ભાનુબેન ધીરજલાલ કાથરોટીયા (ચલાલા). **અધિક શ્રાવણ સુદ-૫** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ.અ.નિ. સરોજકુમાર કે. ચૌહાણ (અમદાવાદ), શ્રી ગોપીનાથજી ધૂનમંડળ (સુરત), પ.ભ.અ.નિ. શાંતાબેન વાલજીભાઈ બાલચંદદાસ (ગવાડા), પ.ભ. ભરતભાઈ અમીચંદભાઈ પટેલ (લાલોડા), પ.ભ.અ.નિ. ઘનશ્યામભાઈ સોમાભાઈ પટેલ (સોજા), પ.ભ. અરૂણભાઈ નારણભાઈ કાનાણી (નિકોલ), પ.ભ.અ.નિ. રેવાભાઈ મૂળજીભાઈ પટેલ (આકરૂંદ), પ.ભ. વર્ષાબેન મનોજભાઈ ગજ્જર (પ્રાંતિજ), પ.ભ. નગીનભાઈ કાંતિભાઈ રાણા (અમદાવાદ). **અધિક શ્રાવણ સુદ-૬** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. રવિકાંત મસ્કી પરિવાર (અમદાવાદ), પ.ભ.અ.નિ. કાંતિલાલ ભાઈચંદભાઈ કોઠારી પરિવાર (અમદાવાદ). **અધિક શ્રાવણ સુદ-૭** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. ચંપાબેન આત્મારામ નાયક (પાનસર), પ.ભ. વિનોદભાઈ એસ. પટેલ (અમદાવાદ), પ.ભ. મૌલિનભાઈ ઉપેન્દ્રભાઈ અમીન (અમદાવાદ), પ.ભ. અર્ચનાબેન નરેન્દ્રભાઈ પટેલ (અલીણા), પ.ભ.અ.નિ. વિનોદભાઈ મોહનલાલ ધકાન (ગઢપુર). **અધિક શ્રાવણ સુદ-૮** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. રીનાબેન પટેલ (અમદાવાદ), પ.ભ. કિયાન સચિન જીવણભાઈ પટેલ (સોજા). **અધિક શ્રાવણ સુદ-૯** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. મનસુખ જાદવા રાઘવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. ભરતભાઈ ચૌધરી (માણેકપુરવાળા), પ.ભ. શકરીબેન બબલદાસ પટેલ (વડુ), પ.ભ.અ.નિ. મેહુલભાઈ પટેલ (ભટાસણ). **અધિક શ્રાવણ સુદ-૧૦** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. સોની કૃષ્ણકાંત કાંતિલાલ (સાણંદ), પ.ભ. નિહિત મેહુલકુમાર વેકરીયા (સુરત). **અધિક શ્રાવણ સુદ-૧૧** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર). **અધિક શ્રાવણ સુદ-૧૨** પ.ભ. કાશીરામભાઈ શંકરભાઈ પટેલ (મેમનગર), પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. તારાબેન ગોવિંદભાઈ નાથાલાલ (ઉંઝા), પ.ભ. મંજુલાબેન વિક્રમભાઈ પટેલ (ચાંદખેડા), પ.ભ. ગટુબેન કચરાભાઈ માલી (સંતરામપુર), પ.ભ. ભરતભાઈ વાસુદેવભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. પથિક દિલીપભાઈ શાહ (અમદાવાદ), પ.ભ. ગોરધનભાઈ ત્રિભુવનદાસ પટેલ (ઈટાદરા), પ.ભ. રવિ ધીરૂભાઈ હડીયલ (અમદાવાદ), પ.ભ. શૈલેષભાઈ મગનભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રમેશભાઈ કેશાભાઈ પટેલ (વહેલાલ), પ.ભ. જયશ્રીબેન રાજેન્દ્રકુમાર સોની (અમદાવાદ), પ.ભ. લીલાબેન રમણભાઈ પટેલ (ઝુલાસણ), પ.ભ.અ.નિ. રંજનબેન રમેશભાઈ પટેલ (ગામડી), પ.ભ. નિર્મળાબેન ચંદ્રકાંતભાઈ (ચાંદખેડા), પ.ભ. જીગેશભાઈ જગદીશભાઈ ઠક્કર (વિરમગામ), પ.ભ. અંબાલાલભાઈ ચતુરભાઈ નવાબ (પોર), શ્રી રંગમહોલ ઘનશ્યામ મહારાજ પ્રસન્નાર્થે (કાલુપુર), પ.ભ. જયંતીલાલ પૂંજલદાસ પટેલ (ભટાદર). **અધિક શ્રાવણ સુદ-૧૩/૧૪** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), મહિલા મંડળ (સાબરમતી), પ.ભ.અ.નિ. શારદાબેન મણીભાઈ પટેલ (લસુન્દ્રા), પ.ભ. ખુશીબેન હિરેનભાઈ પટેલ. **અધિક શ્રાવણ સુદ-૧૫** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. શર્મિષ્ઠાબેન રમેશભાઈ પટેલ (મુંબઈ), પ.ભ. નટવરલાલ સોમચંદદાસ મોદી (સોજા), પ.ભ. બળદેવભાઈ વિસાભાઈ પટેલ (કોઠારી) (ડાંગરવા), પ.ભ. દેવરાજભાઈ જાદવભાઈ પાંભર (રાજકોટ), પ.ભ. ઘનશ્યામભાઈ ગોપાલભાઈ પટેલ (અમદાવાદ), શ્રી નરનારાયણ ગૃપ (એપ્રોચ), શ્રીહરિકૃષ્ણ ગૃપ (એપ્રોચ), પ.ભ. રશ્મિકાબેન લાલભાઈ પટેલ (અંબાપુર), પ.ભ. ખ્યાતિબેન નટવરલાલ ચોવટીયા (સુરત), પ.ભ. પટેલ સૌમિલભાઈ સુરેશભાઈ (ધમાસણા), પ.ભ. ગં.સ્વ. ગોદાવરીબેન નાથાભાઈ નાકરાણી (સુરત), પ.ભ. લાલજીભાઈ મૂળજીભાઈ લકુમ (સૂર્યનગર), પ.ભ.અ.નિ. પિતાશ્રી વાલજીભાઈ નારણ, અ.નિ. માતૃશ્રી કાનબાઈ, અ.નિ. જગદીશભાઈ માવજી (સુખપર-કચ્છ).

**અધિક શ્રાવણ વદ-૧** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. હિરાબેન વેલજીભાઈ નાથાભાઈ ચૌધરી (આમજા), શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ (મેઘાણીનગર), પ.ભ. ઉમેશભાઈ જયંતીભાઈ પટેલ (મેતપુર). **અધિક શ્રાવણ વદ-૨** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. જેઠાભાઈ વાઘજીભાઈ વરસાણી (સામત્રા-કચ્છ), પ.ભ. પર્વ હાર્દિકકુમાર પટેલ (અંબાપુર), પ.ભ. શૈલેષભાઈ એન. પૂજારા (અમદાવાદ), પ.ભ. ભગવતીબેન કાળુભાઈ ટાપરીયા (સુરત), પ.ભ. શિવાની મહેન્દ્રકુમાર પટેલ (સાબરમતી), પ.ભ. ભાવેશકુમાર કનૈયાલાલ જણસારી (અમદાવાદ), પ.ભ.

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

સંગીતાબેન રમેશભાઈ વરસાણી (મિરજાપુર-કચ્છ). **અધિક શ્રાવણ વદ-૩** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. પિનાકીનીબેન રજનીકાંત ભાવસાર (અમદાવાદ), પ.ભ. અરવિંદભાઈ એલ. સાવલીયા (અમદાવાદ), પ.ભ. ભુદરભાઈ ભગવાનજીભાઈ વિડજા (જૂના ઘાટીલા), પ.ભ. પિયુષભાઈ કાંતિભાઈ પટેલ (લાલોડા). **અધિક શ્રાવણ વદ-૪** પ.ભ.અ.નિ. વિરજી લાલજી વેકરીયા (કચ્છ), પ.ભ.અ.નિ. મંજુલાબેન નારણ રાઘવાણી, પ.ભ. ઉર્વસીબેન પરસોતમભાઈ પટેલ (ચાંપાજાળ), પ.ભ. ઉજાસ મહેન્દ્રભાઈ પટેલ (મુંબઈ), પ.ભ.અ.નિ. હરિભાઈ મરઘાભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. કોકીલાબેન નારણભાઈ પટેલ (શિલજ), પ.ભ. મિહીર વિનોદભાઈ પટેલ (ભાવનગર), પ.ભ. ડાહ્યાભાઈ હરગોવિંદદાસ પટેલ (નાના ચિલોડા), પ.ભ. દેહલ કિંજલ પટેલ (અમદાવાદ), પ.ભ. જગદીશભાઈ સુરેશભાઈ શંકરલાલ (અમદાવાદ), પ.ભ. પટેલ ગોમતીબેન કાંતિભાઈ (કડી), પ.ભ. સીતાબેન રણછોડભાઈ પટેલ (સાંગણપુર), પ.ભ. શૈલેષભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. નટુભાઈ પરસોતમભાઈ (રાણીપ). **અધિક શ્રાવણ વદ-૫/૬** પ.ભ. જરીબેન ગોપાલભાઈ પટેલ (નારણપુરા), પ.ભ. સોનલબેન જયેશભાઈ (ડાંગરવા), પ.ભ. હંસાબેન ઘનશ્યામભાઈ મીસ્ત્રી (બાપુનગર), પ.ભ.અ.નિ. લાલજીભાઈ પ્રેમચંદભાઈ (અમદાવાદ), પ.ભ. જીતેન્દ્રભાઈ મધુસુદનભાઈ મોદી (ગાંધીનગર), પ.ભ. ક્રિશ રવિ પ્રહલાદભાઈ પટેલ (કલ્યાણપુરા), પ.ભ. કેતનભાઈ દરજી, પ.ભ. હરિદર્શન લાલભાઈ સોની (અમદાવાદ), પ.ભ. વાઘેલા વર્ષાબા બ્રિજરાજસિંહ (અમદાવાદ), પ.ભ. સુખાભાઈ ચૂડાભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. શરદ સુરેશભાઈ શેલડીયા (બાપુનગર), પ.ભ. ભગવતીબેન એન. દવે (અમદાવાદ), પ.ભ. સવિતાબેન મગનલાલ સોની (અમદાવાદ), પ.ભ. રમેશભાઈ નરસીભાઈ ટાંક (રાજકોટ), પ.ભ. આલાપ મુકેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. મૂળજીભાઈ ભીમજી હિરાણી, પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. નટવરલાલ છગનલાલ સોની (કપડવંજ), પ.ભ.અ.નિ. વસંતભાઈ મંગળદાસ મુખી (મેતપુર), પ.ભ. રાવજીભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ. બિહોલા ચંદુજી પ્રતાપજી (પાલજ), પ.ભ.અ.નિ. સંતોકબેન શંકરભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. બળદેવભાઈ ભીમજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રંભાબેન માધાભાઈ પટેલ (નગાસર), પ.ભ. કાંતિભાઈ પૂંજાભાઈ પટેલ (ખેરવા), પ.ભ. જીતુભાઈ ઉમાકાન્તભાઈ પટેલ. **અધિક શ્રાવણ વદ-૭** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), મહિલા મંડળ (બળોલ-ભાલ), પ.ભ. ઘનશ્યામભાઈ જીવરાજભાઈ જોબનપુત્રા (રાજકોટ), પ.ભ. મંજુલાબેન ચંદ્રકાન્તભાઈ (ઉનાવા), પ.ભ. ભાવિક સંજયભાઈ પટેલ (ઉનાવા). **અધિક શ્રાવણ વદ-૮** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ.અ.નિ. શંકરલાલ સોમચંદભાઈ પટેલ (મેતપુર), પ.ભ. જયંતીભાઈ ડાહ્યાભાઈ કાનજીભાઈ ચૌધરી (મહાદેવપુરા-છાલા), પ.ભ. સુનીલભાઈ મોલાણી, પ.ભ. વિલાસબેન ભગવાનભાઈ પટેલ (ખેરવા-મહિસાગર), પ.ભ. જયંતીભાઈ નરસીભાઈ પટેલ (ડેમાઈ). **અધિક શ્રાવણ વદ-૯** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ.અ.નિ. શૈલેષભાઈ શાંતિલાલ ભાવસાર (અમદાવાદ), પ.ભ. ચૌધરી મેનાબેન ડાહ્યાભાઈ (ઈશ્વરપુરા), પ.ભ. કમલેશભાઈ પટેલ રેતીવાળા (અમદાવાદ), પ.ભ. હસુમતિબેન અરવિંદભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. કેયાન મયંકભાઈ કામદાર (પોરબંદર). **અધિક શ્રાવણ વદ-૧૦** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. મહેન્દ્રકુમાર શંકરલાલ પટેલ (ડાંગરવા), પ.ભ. ઘનશ્યામભાઈ રામદાસ પટેલ (કરજીસણ), પ.ભ. જસુમતીબેન જયંતીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. દક્ષેશભાઈ રમેશભાઈ પટેલ (ઉનાવા), પ.ભ. રમણભાઈ જીજીદાસભાઈ પટેલ (રાણીપ). **અધિક શ્રાવણ વદ-૧૧** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. પારૂલબેન કૌશિકકુમાર પટેલ (મોડાસા), પ.ભ. શ્રેયા વિરેન્દ્રભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રમીલા જાદવજીભાઈ વાઘાણી (સુખપર-કચ્છ), શ્રી રાધારમણદેવ મહિલા મંડળ (જૂનાગઢ), પ.ભ. ચંદ્રકાન્ત વિઠ્ઠલદાસ મોદી (માણસા), પ.ભ. જાનુરામ જોધારામ ચૌધરી (વાલી-રાજ.) પ.ભ. હિરાબેન પ્રહલાદભાઈ પટેલ (દેલવાડા), પ.ભ. ભૂપેન્દ્રભાઈ બળદેવભાઈ પટેલ (મોટેરા), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ). **અધિક શ્રાવણ વદ-૧૨** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. પરસોતમદાસ ત્રિભોવનદાસ પટેલ (ભાવપુરા), પ.ભ. રવજી રાજાજી વેકરિયા (માંડવી-કચ્છ), પ.ભ. ઉજાશ મહેન્દ્રભાઈ પટેલ (મુંબઈ), પ.ભ. શાંતાબેન ભરતભાઈ પટેલ (ઝુલાસણ), પ.ભ. કેશવલાલ ગંગારામભાઈ (સાણંદ), પ.ભ. વસંતીબેન શંકરભાઈ, શાંતાબેન જસુભાઈ (મોટેરા), પ.ભ. રમેશભાઈ અંબાલાલભાઈ (ગવાડા), પ.ભ. અનીલભાઈ શશીકાંતભાઈ પટેલ (વિરમગામ), પ.ભ. અરવિંદભાઈ વલ્લભભાઈ દેવળીયા (બાપુનગર), પ.ભ. ભરતકુમાર ગુણવંતલાલ સોની (અમદાવાદ), પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. કૌશિકભાઈ નાગજીભાઈ પટેલ (બાપુનગર), પ.ભ. ગં.સ્વ. વિદુલતાબેન આર. જોશી (અમદાવાદ), પ.ભ. કાંતાબેન કૃષ્ણભાઈ પટેલ (નારદીપુર) પ.ભ. કાંતાબેન રમણલાલ પટેલ (મહેસાણા), શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે - હ. પ.ભ. શૈલેષભાઈ (અમદાવાદ), પ.ભ. મોનાબેન વિપુલકુમાર પટેલ (નેત્રામલી), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. પોપટભાઈ ગણપતભાઈ પટેલ (ટ્રેન્ટ), પ.ભ. શારદાબેન પી., ઘનશ્યામભાઈ મણીલાલ ઠક્કર (બાવળા), પ.ભ. નરેશભાઈ કાંતિભાઈ પટેલ (અમદાવાદ) પ.ભ. મનુભાઈ માધવજીભાઈ પટેલ (અમદાવાદ) પ.ભ. પૂજાબેન કંસારા (અમદાવાદ), પ.ભ. સંદિપભાઈ મુકુંદભાઈ પટેલ (સાંચોદર), પ.ભ. બાબુભાઈ રામજીભાઈ પટેલ (નારણપુરા), પ.ભ. હસમુખભાઈ નારણદાસ સોલંકી (અમદાવાદ), પ.ભ. ક્રિના કનુભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. કલ્યાણભાઈ રામજીભાઈ, પ.ભ. નિલ અમિતકુમાર પટેલ (અમદાવાદ), પ.ભ. બાબુભાઈ પોપટભાઈ શિંગાળા (અમદાવાદ), પ.ભ. લાભુબેન અંબારામભાઈ (ઝુલાસણા-સારંગપુર),

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

પ.ભ. જસવંતભાઈ ચિમનલાલ ઠક્કર, પ.ભ. જયંતીભાઈ પટેલ, પ.ભ. હની વિષ્ણુભાઈ પટેલ (કુડાસણ), પ.ભ. ત્રિભોવનદાસ રઘુભાઈ. **અધિક શ્રાવણ વદ-૧૩** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. ઉમેશભાઈ હર્ષદભાઈ કંસારા (અમદાવાદ), પ.ભ. ભગવાનભાઈ એમ. કડીયા (ગાંધીનગર), પ.ભ.અ.નિ. હેમલતાબેન દિનેશભાઈ ચોકસી (અમદાવાદ), પ.ભ.અ.નિ. રાવજીભાઈ ભગાભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ. લક્ષ્મીબેન ચંદુભાઈ પટેલ (ઈન્દૌર), પ.ભ. વીણાબેન રજનીકુમાર પટેલ (અમદાવાદ), પ.ભ. ઉર્મિલાબેન દિનેશચંદ્ર પટેલ (નરોડા), પ.ભ. ગીતાબેન હસમુખભાઈ પટેલ (ગામડી), પ.ભ. હરિભાઈ ભુદરભાઈ બારભાયા પરિવાર (રાયપુર-છતીષગઢ). **અધિક શ્રાવણ વદ-૧૪** પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. જયંતીભાઈ બી. પટેલ (સાબરમતી), પ.ભ. યોગેશભાઈ નવનીતભાઈ ભટ્ટ (અમદાવાદ), પ.ભ.અ.નિ. પરસોતમભાઈ ભગવાનદાસ પટેલ (ધમાસણા), પ.ભ. દેવિકાબેન નવીનચંદ્ર ચિતારા (અમદાવાદ), પ.ભ. વિષ્ણુભાઈ (ધુંઘટ હોટલવાળા) (ગાંધીનગર), પ.ભ. મયુર રમણલાલ પરીખ (અમદાવાદ), પ.ભ. લક્ષ્મીબેન રવજીભાઈ રાબડીયા (વાડાસર-કચ્છ), પ.ભ. બળદેવભાઈ મંગળદાસ પટેલ (મોતીપુરા-વેડા), પ.ભ. લીલાબેન રામાભાઈ ચૌધરી (આમજા), પ.ભ. નાનબાઈબેન કાંતિભાઈ પટેલ (બોપલ), પ.ભ.અ.નિ. ભીખાભાઈ ગોવિંદભાઈ પરમાર (અમદાવાદ), પ.ભ. મુકેશભાઈ સવજીભાઈ માણીયા (શિલજ), પ.ભ. પારુલબેન બ્રહ્મભટ્ટ પરિવાર (અમેરિકા), પ.ભ. બેબીબેન જસુભાઈ પટેલ (ઝુંડાલ), ગાંધીનગર સે-૨ મહિલા મંડળ. **અધિક શ્રાવણ વદ-૩૦** પ.ભ. કેતનભાઈ રાવજીભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ. રામુભાઈ માધાભાઈ પટેલ (અંબાપુર), શ્રીજી મહિલા મંડળ (આદિશ્વરનગર નરોડા), પ.ભ. ચૌધરી બાબુભાઈ મોતીભાઈ (ઈશ્વરપુરા), પ.ભ. હેતલ નિખિલકુમાર ચાંપાનેરી (મુંબઈ), પ.ભ. અરવિંદભાઈ પરસોતમભાઈ પટેલ (રામોલ), અ.નિ. સ.ગુ. સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (કલ્યાણપુરા), પ.ભ. રેખાબેન એન. મીસ્ત્રી (જીવરાજપાર્ક), પ.ભ. ચમનભાઈ ચતુરભાઈ મુંજપરા (અમદાવાદ), શ્રીહરિ પ્રસન્નાર્થે, પ.ભ. માલતીબેન સુરેન્દ્રભાઈ (સોજા), પ.ભ. દેવ્યાનીબેન હરિકૃષ્ણ પટેલ (અમદાવાદ), પ.ભ. રણછોડભાઈ શંકરભાઈ પટેલ (નારણપુરા), પ.ભ. ભગવતીબેન પ્રવિણભાઈ (માણસાવાળા), પ.ભ. ચિંતન વિષ્ણુભાઈ પટેલ (ચાંદખેડા), પ.ભ. વિષ્ણુપ્રસાદ નારણભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અમિત ધીરૂભાઈ દેસાઈ (મુંબઈ), પ.ભ. ઉષાબેન મુકેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. લાલજી નારણ ખેતાણી (મદનપુર કચ્છ), પ.ભ. સંદિપભાઈ જાની (અમદાવાદ), પ.ભ. મંજુલાબેન ભગવાનભાઈ પટેલ (સોલા), પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. ગીતાબેન કનુભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. શિવજી રત્ના પાધરા (સુખપર-કચ્છ), પ.ભ. નારાયણભાઈ ભગત ચૌધરી (ઈશ્વરપુરા), હરિૐ પરિવાર - હ. શૈલેષભાઈ ભાવસાર (સરસપુર), શ્રી ચુમાલીસ મહિલા મંડળ (ચાંદખેડા), પ.ભ.અ.નિ. ભીખાભાઈ ગોવિંદભાઈ પટેલ (ડેમાઈ), પ.ભ. અમીબેન મણીલાલ પટેલ (અમેરિકા), પ.ભ.ગં.સ્વ. સરોજબેન કનુભાઈ ચૌધરી (શિકાગો), આદિશ્વરનગર મહિલા મંડળ (નરોડા).

### અક્ષરવાસ

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદના વિદ્વાન વ્યવહાર કુળશ પૂર્વ મહંત સ્વામી (હાલ કોટા રાજસ્થાન મહંતશ્રી) **પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી ગુરુ સદ્. ચિતારા સ્વામી બળદેવપ્રસાદદાસજી** તા. ૨૪-૦૮-૨૦૨૩ શ્રાવણ સુદ-૮ ને ગુરુવારના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તેમના અક્ષરવાસથી શ્રી નરનારાયણદેવ દેશમાં એક વિદ્વાન સંતની મોટી ખોટ પડી છે. તેઓશ્રીની ત્રયોદશા-ગુણાનુવાદ સભા તા. ૧૩-૦૯-૨૦૨૩ બીજા શ્રાવણ વદ-૧૪ ને બુધવારના અમદાવાદ કાલુપુર મંદિર ખાતે રાખેલ છે.

●

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદના **સ.ગુ. સ્વામી પ્રેમસ્વરૂપદાસજી ગુરુ સ્વામી માધવપ્રસાદદાસજી (માલપુરવાળા)** અધિક શ્રાવણ વદ-૩૦ ને તા. ૧૬-૮-૨૩ ના રોજ શ્રીહરિનું અખંડ ભજન સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

●

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદના દિવડા કોલોની મંદિરમાં સેવા-પૂજા કરતા **સ.ગુ. સ્વામી વાસુદેવચરણદાસજી ગુરુ બબાભગત (હજૂરી પાર્ષદ)** શ્રાવણ સુદ-૧૪ ને તા. ૩૦-૮-૨૩ ના રોજ શ્રીહરિનું અખંડ ભજન સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી પુરુષોતમપ્રકાશદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.





ભાભર (સાબરકાંઠા) મંદિરમાં રાત્રી પારાયણનો લાભ લેતા હરિભક્તો

અધિકમાસ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમા કથાશ્રવણનો લાભ લેતા હરિભક્તોં







વડનગર મંદિરમાં અધિકમાસ નિમિત્તે અન્નકૂટ દર્શન



અધિકમાસ નિમિત્તે સાપાવાડા મંદિરમાં યજ્ઞ







સર્વોપરિ ધામ છપિયા, કેપટાઉન (ઓસ્ટ્રેલિયા અને મથુરા મંદિરમાં હિંડોળા દર્શન

Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023



શિકાગો મંદિરના ૨૫મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.આચાર્ય મહારાજ તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજ



ક્લિવલેન્ડ મંદિરના ૧૫મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



પારસીપની મંદિરમાં અધિકમાસ નિમિત્તે શ્રીમદ્ ભાગવત કથા પ્રસંગે પોથીયાત્રા



બોસ્ટન મંદિરમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજી સમક્ષ અન્નકૂટ દર્શન



ટોરેન્ટો મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી

Praful Kharsani@gmail.com

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં**
**શ્રી નરનારાયણદેવ આદિ દેવોના**
**થાળ-રસોઈની યાદી**

| વિગત | થાળ | રસોઈ |
|---|---|---|
| ચુરમાના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| બુંદીના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોતીયા લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોહન થાળ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશ-પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| માલપુવા | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| દુધપાક પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| અડદીયાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| સાટાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| શીખંડ પુરી | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ડ્રાયફ્રુટ હલવો | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| બાસુંદી પુરી | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| દૂધપાક-માલપૂવા | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ગુલાબ જાંબુ | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| જલેબી | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| મૈસુબ | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| કાજુ બદામ મૈસુબ | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| રસપુરી | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| સત્તર ધામનો થાળ | રૂા. ૩,૦૦૦/- | |
| **કાયમી અનામત થાળ** | | **રૂા. ૧૦,૦૦૦/-** |
| **કાયમી અનામત થાળ (સાંજના)** | | **રૂા. ૫,૦૦૧/-** |

**ઠાકોરજીના સાંજના થાળના રૂા. ૧૦૦૦/-**

# Mo. : 8238001666

## SHREE SWAMINARAYAN TEMPLE - KALUPUR
### BANK DETAILS FOR ONLINE / CHEQUE DONATION PURPOSE

**STATE BANK OF INDIA**
NAVRANGPURA BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI
NARAYAN MANDIR TRUST
A/C. NO. 62303101798
IFSC : SBIN0003096
MICR CODE : 380 002 029

**INDIAN BANK**
G S HIGH WAY BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI
NARAYAN MANDIR TRUST
A/C. NO. 50379847476
IFSC : IDIB000G523
MICR CODE : 380 019 038

**BANK OF INDIA**
RELIEF ROAD BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI
NARAYAN MANDIR TRUST
A/C. NO. 201310100027259
IFSC : BKID0002013
MICR CODE : 380 013 027

**ી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**ાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**
**zine@swaminarayan.in**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

**ાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**
**w.swaminarayan.in**
**મય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
ભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૪૫ ● શયન આરતી ૨૦-૩૦
**WhatsApp No. : 99099 67104**